CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૯૪
તા.૧૯-૦૮-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ વદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૮ સૂર્યાસ્ત : ૦૭:૧૦

તાપમાન
ડીસા 33.૮
અમદાવાદ ૩૫.૦
ગાંધીનગર ૩૬.૨
વડોદરા ૩૪.૪
સુરત ૩૩.૫
નલિયા ૩૧.૦

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭

જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...




# ગુજરાતમાં સ્વાઈનફ્લૂ ઘાતક બન્યો : ૧૨ના મોત

## વિચાર વૈભવ...

### મધ્યયુગ આથમ્યો છે?

શુકન- અપશુકન, દોરાધાગા, જંતરમંતર, મૂઠ, માદળિયાં અને મેલી વિદ્યાનો જમાનો હજી ગયો નથી.

એક મહિલા યુનિવર્સિટીના મોટાભાગના પુરુષ અધ્યાપકો સંતોષીમાના શુક્રવાર કરે, નેવું ટકા કોલેજિયનો પરીક્ષાના ઉત્તરપત્રોને મથાળે પોતાના ઈષ્ટદેવનાં નામ લખે, તે પ્રજાના બૌદ્ધિક સ્તરનો નિર્દેશ કરે છે.

નર્મદાના નવા પુલ ઉપરથી સવાસો વરસ પહેલાં પસાર થનાર પહેલ વહેલા રેલ- એન્જિનને એક દૈત્ય ગણનારા લોકોએ માન્યું હતું કે રાક્ષસ નર્મદા માતાનાં જળમાં તૂટી પડશે. પણ એન્જિન જેવું પુલ ઓળંગી ગયું કે તરત એ જ લોકોએ તેને ફૂલહાર પહેરાવ્યા અને નાળિયેર વધેર્યાં!

નર્મદના જમાનામાં એક માણસે ઘેર ઘેર પોસ્ટકાર્ડ લખેલાં કે અમુક દિવસે સવારે પ્રલય થવાનો છે. તે દિવસે લોકો ખભે પંચિયા મૂકીને વહેલી સવારથી ઓટલા ઉપર મરી જવા માટે બેસી ગયા હતા. આવી જ વાતો આજે મોટાભાગના શિક્ષિત લોકોના ગળે શીરાની જેમ ઊતરી જાય છે. સંખ્યાબંધ બાબાઓ અને ચમત્કાર કરતા સાધુઓનો રાફડો ફાટ્યો છે. મુંબઈની લોકલ ગાડીઓમાં શિક્ષિત ગુજરાતીઓ જે લોકપ્રિય સામાયિકોનું તરસી આંખે પાન કરતા હોય છે. તે સૂચવે છે કે એક આખી પેઢી, ભૂત, પ્રેત, વળગાડ, અઘોરીઓ અને વામમાર્ગીઓના અખાડામાં ઊછરી રહી છે. મુંબઈમાં જ્ઞાતિઓના મેળાવડા જે ઝડપથી ફૂલીફાલી રહ્યા છે તે જોતાં સવાલ જાગે છે કે નર્મદના જમાના કરતાં એક તસુ પણ આગળ આપણે વધ્યા છીએ ખરા? મધ્યયુગ હજી ભારતમાં આથમ્યો છે ખરો?

- હસમુખ ગાંધી

## સાર સમાચાર...

### ચૂંટણી પરિણામોને પડકારીને બળવંતસિંહ પિટિશન દાખલ

અમદાવાદ

કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાઈ ભાજપના ઉમેદવાર તરીકે રાજયસભાની ચૂંટણીમાં ઉભા રહી કારમી હારનો સામનો કરનાર બળવંતસિંહ રાજપૂતે આખરે ગુ-જરાત હાઈકોર્ટમાં પિટિશન કરી છે. રાજપૂતે રાજયસભાની ચૂંટણીની પરિણામને પડકાર્યું છે અને સાથે સાથે કોંગ્રેસના વિજયી ઉમેદવાર એહમદ પટેલના પરિણામને રદબાતલ ઠરાવવા પણ દાદ માંગી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ રજા પર હોઈ બળવંતસિંહ રાજપૂત તરફથી આ પિટિશનના અરજન્ટ હીયરીંગ માટે જસ્ટિસ એમ.આર.શાહ સમક્ષ મેન્શનીંગ કરવામાં આવ્યું હતું.

## રાજ્યભરમાં નવા ૨૨૮ કેસથી ચકચાર, મૃતાંક વધીને ૨૪૨ થયો

અમદાવાદ

ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. આજે વધુ ૧૨ લોકોના મોત સાથે મૃતાંક વધીને ૨૪૨ ઉપર પહોંચ્યો હતો. સ્વાઈન ફ્લુ બેકાબૂ હોવાના સંકેત મળી રહ્યા છે. રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગો દ્વારા તમામ પગલા લવામાં આવી રહ્યા હોવા છતાં મોતનો આંકડો અને નવા કેસોનો આંકડો રોકેટગતિએ વધી રહ્યો છે. મોટાભાગના શહેરોમાં સ્વાઈન ફ્લુની દહેશત અકબંધ રહી છે. રાજ્યભરમાં સ્વાઈન ફ્લુથી વધુ ૧૨ લોકોના મોત સાથે આતંક જારી રહ્યો છે. નવા આંકડા મુજબ સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા ૧૨૯૯ નોંધાઈ છે જ્યારે સારવાર બાદ સ્વચ્થ થઈ ચુકેલા લોકોની સંખ્યા ૯૫૯ નોંધાઈ છે. આંકડા દર્શાવે છે કે, કુલ કેસોની સંખ્યા ૨૫૦૦ નોંધાઈ ચુકી છે. નવા કેસોની સંખ્યા આજે ૨૨૮ નોંધાઈ હતી જે પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના વિસ્તારોમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૧૧ નોંધાઈ છે જયારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના વિસ્તારોમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૦, સુરતમાં ૭, આરએમજી હેઠળ ૫, કચ્છ ૬, આણંદ ૬, બીએમસી ૫, ભાવનગર ૬, ગાંધીનગર ૫, પંચમહાલ ૪, અમદાવાદ-સુરતમાં ૩-૩, રાજકોટ, વડોદરા, જામનગર, ભરુચ, મહેસાણા, ગીર-સોમનાથ, અમરેલી, જીએમસી, ખેડામાં ૨-૨ કેસો નોંધાયા છે. જયારે સુરેન્દ્રનગર, પાટણ, બીકે, વલસાડ, બોટાદ, અરવલ્લી, પોરબંદર, મોરબી અને છોટાઉદેપુરમાં એક એક કેસ સપાટીએ આવ્યા છે. આજે જે ૧૨ લોકોના મોત થયા છે તે પૈકી એએમસીમાં ૦૪, વીએમસીમાં ૦૪, અમદાવાદ, મહેસાણા, જીએમસી, પાટણમાં ૧-૧ વ્યક્તિના મોત થયા છે.

## ધાનેરામાં પૂર પીડિતને સહાય ન મળતા આત્મહત્યાની કોશિશ કરી

### ભીર રીતે દાઝેલા પૂર પીડિત ને સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યો



એન.કે.મોદી

ધાનેરા

ધાનેરા માં પૂર પીડિત ને સહાય ન મળતા પૂરપીડિતે આત્મહત્યા ની કોશિશ કરતા સમગ્ર ધાનેરા શહેર માં ચકચાર મચી જવા પામી છે ત્યારે ગંભીર રીતે દાઝેલા પૂર પીડિત ને સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યો છે

ધાનેરા માં ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર ધ્વરા કરોડો રૂપિયા ની સહાય પૂર પીડિતો માટે જાહેર કરી છે પરંતુ સાચા પૂરગ્રસ્તો સુધી હજુ સુધી સહાય ન પહોંચી હોવાના સુર સાંભળવા મળી રહ્યા છે ત્યારે ધાનેરા માં એક યુવક ને પૂર માં તમામ સામગ્રી તણાઈ જવા પામી હતી અને પશુઓ પણ પાણી માં તણાઈ જતા યુવક પાયમાલ બની ગયો હતો અને સરકાર પાસે સહાય ની આશા રાખી બેઠો હતો પરંતુ આજે ૨૫ દિવસ જેટલો સમય વીત્યો છતાં પણ આ યુવક ને સહાય ન મળતા યુવકે આખરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું પૂરગ્રસ્ત ધાનેરામાં સહાયથી વંચિત દીનાજી વાઘાજી ઠાકોર ઉ.૪૧ રહે. શિવમ નગર, ધાનેરા વાળાએ શરીર પર કેરોસીન છાંટી આત્મદાહનો પ્રયાસ કર્યો હતો.ભોગબનનાર ના પરિવારજનોએ જણાવ્યું હતું કે જો સરકારે સહાય આપી હોત તો આજે અમારે આ દિવસ ન જોવા પડત આજુ બાજુ થી લોકો દોડી આવ્યા હતા અને યુવક ને સારવાર

અનુસંધાન પાના નં.૬

### કેશડોલથી વંચિત પૂર પીડિતોએ

## પાલનપુર મામલતદાર કચેરીનો ઘેરાવ કર્યો

### ધરણાં પર બેઠેલા લોકોને 3 દિવસમાં સર્વે કરવાની ખાતરી આપતા પ્રાંત અધિકારી



સંજય જોષી

પાલનપુર

પાલનપુરના પુર પીડિતોએ કેશડોલ ન મળવાને મામલે આજે કૉંગ્રેસ અગ્રણીઓની આગેવાની તળે પાલનપુર મામલતદાર કચેરીનો ઘેરાવ કરી ધરણા પર ઉતરી ગયા હતા. જ્યાં મોડી સાંજે પ્રાંત અધિકારીએ ૩ દિવસ માં સર્વે કરવાની ખાતરી આપતા માંડ મામલો થાળે પડ્યો હતો.

બનાસકાંઠામા પુરની પરિસ્થિતિ બાદ સરકારી સહાયમાં ઠાગા ઠૈયા થઈ રહ્યા છે. પાલનપુરના પુર પીડિતો રોજ બરોજ સહાય ન મળવાને મુદ્દે હોબાળો કરી રહ્યા છે. ત્યારે આજે પાલનપુરના હરિપુરા- જનતા નગર સોનબાગ-ઢૂંઢીયાવાડી સહિતના ૫૦૦થી વધુ લોકોએ સહાય ન મળવાને મામલે પાલનપુર મામલતદાર કચેરીનો ઘેરાવ કર્યો હતો. અને કચેરી સામે જ ધરણાં પર ઉતરી ગયા હતા. પાલનપુર પાલિકાના વિપક્ષના નેતા અમૃતભાઈ જોશી, ઉપનેતા આશાબેન રાવલ,

અનુસંધાન પાના નં.૬

## સરહદી બનાસકાંઠા જિલ્લામાં સ્વાઇનફ્લૂનો કહેર: ૭ ના મોત

### ડીસા આંબેથા અને થરાદના ખાનપુરની મહિલા મોતને ભેટતા ચકચાર



સંજય જોષી

પાલનપુર

રાજયભરમાં હાહાકાર મચાવનાર સ્વાઈનફ્લૂએ સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ પગપેસારો કર્યો છે. છેલ્લા ૨ માસમાં સ્વાઈનફ્લૂથી ૭ લોકો મોતને ભેટ્યા છે. ત્યારે જિલ્લાના આરોગ્ય વિભાગની અનેક બેદર-કારીઓ પણ સામે આવી છે. એકબાજુ રાજયના મુખ્યમંત્રી સ્વાઈનફ્લૂથી ચિંતિત છે. ત્યારે બીજીબાજુ બનાસકાંઠામા આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી વચ્ચે સ્વાઈનફ્લૂએ સાત નો ભોગ લીધો છે. અને અનેક શંકાસ્પદ સ્વાઈનફ્લૂના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. પાલનપુર સિવિલની વાત કરીએ તો, હાલ સિવિલમા સ્વાઈન ફ્લૂના પોઝીટીવ અને શંકાસ્પદ દર્દી સારવાર લઈ રહ્યા છે. ત્યારે સિવિલમા આવતા અન્ય દર્દી અને સગાઓ ના મોઢા પર માસ્ક જ હોતા નથી. જે એક ગંભીર સમસ્યા છે. અને આનાથી અન્ય લોકોને ચેપ લાગવાની શકયતા રહેલી છે. ત્યારે સિવિલમા આવનાર દર્દી અને સગાઓ ના મોઢા પર માસ્ક હોવા જરૂરી બન્યા છે. ત્યારે પાલનપુર સિવિલમા આઈસોલેશન વોર્ડ સહિત દવાઓ અને ઓક્સિજન પૂરતા પ્રમાણ મા હોવાનું સિવિલ તંત્ર જણાવી રહ્યું છે. ૨ માસ મા સ્વાઈન ફ્લૂ ના ૭ દર્દીઓ મોતને ભેટ્યા છે. જ્યારે ૬ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

અને ૭૫ જેટલા શંકાસ્પદ દર્દી સારવાર લઈ ચુક્યા છે. ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ સ્વાઈન ફ્લૂ સામે લોકોને લડવાની અપીલ કરી રહ્યું છે. બનાસકાંઠામા સ્વાઈન ફ્લૂનો કહેર છે. ત્યારે જિલ્લામા પુરની પરિસ્થિતિ બાદ રોગચાળો વકર્યો છે. અને અનેક દર્દીઓ સ્વાઈન ફ્લૂથી પીડાઈ રહ્યા છે. ત્યારે રાજ્ય આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી જિલ્લાના લકવાગ્રસ્ત આરોગ્ય તંત્રને દુરસ્ત કરે તેવી માંગ ઉઠી છે.

### આંબેથાની મહિલાનું મોત

પાલનપુર સિવિલમાં આઈસોલેશન વોર્ડ હોવા છતાં ટ્રોમાં સેન્ટરમાં સ્વાઈનફ્લૂના દર્દીઓને સારવાર આપી સિવિલના સત્તાવાળાઓ ખુદ સ્વાઈનફ્લૂના રોગચાળાને આમંત્રણ આપી રહ્યા હોવાની રાવ ઉઠી છે. ત્યારે ગતરોજ પાલનપુર તાલુકાના આંબેથા ગામની ૬૫ વર્ષીય વૃદ્ધાનું સ્વાઈનફ્લૂથી મોત નીપજ્યું હતું. જેને પગલે આરોગ્ય વિભાગ સફાળુ જાગ્યું હતુ અને આંબેથા ગામમાં જઈ તકેદારીના પગલાં લીધા હતા.

### ડીસાની યુવતીનું સ્વાઇન ફ્લ્યુથી મોત નિપજતા ચકચાર

ડીસા

ડીસાના ઉમિયાનગર ખાતે રહેતી યુવતીનું સ્વાઈન ફ્લ્યુંના કારણે મોત નિપજતા ચકચાર મચી હતી .યુવતીને અંદાજિત એક અઠવાડિયાથી તાવ આવતા તેને ડીસા ની ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી પરંતુ વધુ અસર હોવાથી યુવતીને પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડી હતી દરમ્યાન શુક્રવારે સવારે યુવતીએ સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું .

બનાસકાંઠા સહિત રાજ્યમાં સ્વાઈન ફ્લ્યુંએ કાળો કહેર વર્તાવ્યો છે.ત્યારેડીસાના ઉમિયાનગર ખાતે રહેતા શાંતિલાલ ઠક્કરની ૨૭ વર્ષીય પુત્રી સોનલબેન ઠક્કરને અંદાજિત એક અઠવાડિયાથી શરદી, ઉધરસ તાવ આવતા તેમને પરિવાર જનોએ ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડયા હતા જોકે તેમને તબિયત વધુ નાદુરસ્ત રહેતા વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડયા હતા જયાં તેમનો રિપોર્ટ કરાવતા સ્વાઈન ફ્લ્યું પોઝિટિવ આવતા ડોક્ટરે સારવાર શરૂ કરી દીધી હતી. દરમ્યાન શુક્રવારે સવારે વધુ તબિયત લથડતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજતા પરિવાર જનોમાં આક્રંદ છવાયો હતો.

### થરાદના ખાનપુરની મહિલાનું સારવાર દરમ્યાન સ્વાઇનફ્લુથી મોત

થરાદ

થરાદ તાલુકાના ખાનપુર ગામની લક્ષ્મીબેન હેમજીભાઈ માજીરાણા ઉ.વ.૩૫ નામની છ સંતાનોની માતાને એક સપ્તાહ પુર્વે સાદો તાવ આવતાં તેણીને સારવાર માટે શહેરનાં બે ત્રણ ખાનગી દવાખાને લવાઈ હતી.તેની સારવાર બાદ પણ કોઈ ફરક નહી પડતાં ડીસા વધુ સારવાર અર્થે ખસેડાયા બાદ શંકાસ્પદ સ્વાઈનફ્લુ જણાતાં બુધવારે વધુ સારવાર માટે મહેસાણાની ખાનગી હોસ્પીટલમાં ખસેડાઈ હતી. જ્યાં તેના રિપોર્ટ કરાતાં સ્વાઈનફ્લુ પોઝીટીવ હોવાનું બહાર આવ્યું હતું.જેનું શુક્રવારની વહેલી સવારે મહેસાણાની ખાનગી હોસ્પીટલમાં સારવાર દરમ્યાન મોત નિપજતાં પંથકમાં અરેરાટી સાથે ચકચારની લાગણી ફેલાવા પામી હતી. જેમની અંતિમવિધી સિધ્ધપુર મુકામે કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીયછેકે થરાદ તાલુકાનું ખાનપુર ગામ અને ખેતરો પાંચથી દસફુટ પાણીમાં ગરકાવ રહેલા છે. આથી પાણીજન્ય બીમારીઓની દહેશતની સાથે ગામમાં તાવની બીમારીએ પણ માથું ઉંચક્યું છે.ગામમાં અન્ય મહિલાઓને પણ તાવનું પ્રમાણ જણાતાં

અનુસંધાન પાના નં.૬

## ડીસાની બનાસનદીએ વધુ એક યુવકનો ભોગ લીધો

### કાનુડાનું વિસર્જન કરવા જતા નદીમાં ડુબ્યો



ડીસા

ડીસાની બનાસનદીમાં જ્યારે જ્યારે પાણી વહે છે ત્યારે ત્યારે અનેક લોકોનો ભોગ લેવાય છે તે સત્ય હકીકત છે ચાલુ વર્ષે પણ લોકો નો ડૂબવા નો સિલસિલો ચાલુજ છે ત્યારે ડીસામાં ગુરુવારે મોડી સાંજે કાનુડો વિસર્જન કરવા ગયેલો એક યુવક ડૂબી જતાં તેનું કરુણ મોત નીપજ્યું છે.શુક્રવારે બપોરે તેની લાશ બહાર કઢાઈ હતી.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે ડીસા ના ટેકરા વિસ્તારમાં રહેતો દિલીપ ઉર્ફે જીલુ ગણેશજી લુહાર ઉ.વ.૧૮ ગુરુવારે સાંજે નદીમાં કાનુડાંઓનું વિસર્જન થતું હોવાથી કાનુડો વિસર્જન માટે બનાસનદી માં ગયો હતો. ત્યાં નદીમાં પાણીના વહેતા પ્રવાહ પાસે ઉભો હતો તે સમયે અચાનક તેનો પગ લપસી જતા તે પાણી માં ખાબક્યો હતો .અને જોતજોતામાં આગળ ખેંચાઈ ઊંડો ખાડો આવતા તે ડૂબવા લાગ્યો હતો. આજુબાજુના લોકોએ તેને બચાવવાની કોશિશ કરવા છતાં તે ડૂબી ગયો હતો.મોડી સાંજે અંધારું હોવાથી સવારે તેની લાશ શોધખોળ કરતા બીજા દિવસે લાશ મળી આવી હતી.

ઉલ્લેખનીય છે કે મૃતક ના ભાઈ અને બહેને પણ અગાઉ આત્મહત્યા કરી જીવન ટૂંકાવી દીધું હતું ત્યારે એકજ પરિવારમાં ત્રણ સંતાનોના નાની વયે આકસ્મિક મોત થતા માતમ છવાયો હતો.

CMYK

સૂર્યોદય - ૬.૧૮ સૂર્યાસ્ત - ૭.૧૦

## તિથિદર્શન

શ્રાવણ વદ-૧૨ શનિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ વદ :બારસ તેરસનો ક્ષય શનિવાર નક્ષત્ર :પુનર્વસુ સાંજે ૫.૨૨ પછી પુષ્ય યોગઃ સિદ્ધિ કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક.છ.ઘ.)બપોરે ૧.૩૬ પછી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### ભ્રમત્સં પૂજ્યતે ચક્રં પૂજ્યતે દ્વિજ ભ્રમત્સં પૂજ્યતે રાજા સ્ત્રી ભ્રમન્તી વિનશ્યતિ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘સામાન્ય નીતિ’ નો આ શ્લોક છેઃ

ઉદ્યોગનું વ્યવસ્થાનું, તંત્રનું કે મંત્રી-મશીનરીનું ચક્ર ચાલતું જ રહે, અર્થાત્ એની પ્રક્રિયા ચાલતી જ રહે, નિયમિત રહે તો તે પ્રશંસાને પામે છે.

બ્રાહ્મણ પણ પોતાની કર્મકાંડ અને કથાવાર્તાના જ્ઞાનનો પ્રચાર કરવા ફરતો રહે તો માન- સન્માનને પાત્ર બને છે. (આર્થિક લાભ પણ થાય છે. )

રાજા પણ, લોકસંપર્ક માટે રજ્યમાં ફરતો રહે તો લોકસંપર્ક સાથે રાજ્યનું વ્યવસ્થાતંત્ર બરાબર ચાલે છે. લોકમેળા- ઉત્સવો- ગરીબ કલ્યાણ મેળા વગેરેને કારણે લોકસમૂહનો સારો સંપર્ક- પરિચય થાય છે. પરિણામે લોકહૃદયમાં રહી રાજા આદર પામે છે.

પરંતુ, જો ઘરની સ્ત્રી, ગૃહિણી, જ્યાં- ત્યાં ભટકતી રહે, જાહેર સેવા અને રાજકારણમાં પડી જાય તો જાતે અને ઘરસંસાર નાશ પામે છે.

ધંધો ચાલતો રહે, નિયમિત તેના પર ધ્યાન આપવું પડે, એમાં રજા- વેકેશન- આરામ રહે તો ધંધાનું ચક્ર અટકી જાય. બ્રાહ્મણ ઘરમાં સૂતો પડ્યો રહે તો લોકો તેની વિદ્વત્તા જાણી ન શકે અને રાજાનો લોકસંપર્ક પણ જરૂરી છે. સ્ત્રીએ પોતાના સંસાર- વ્યવહારની મર્યાદા સાચવી જાહેર જીવનમાં પડવું જોઈએ.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)** મનની મુરાદ બર ન આવે. ગૃહવિવાદ થાય. સાંચવીને કામકાજ કરવું.

**વૃષભ : (બ.વ.ઉ.)** અણધારી આફતના ભોગ બનવું પડે. કાર્યક્ષેત્રમાં નુકશાનીની સંભાવના.

**મિથુન : (ક.છ.ઘ.)** આરોગ્ય બાબતે સંભાળવું હિતાવહ. ગૃહવિવાદ

**કર્ક : (ડ.હ.)** કાર્યક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકશો. નવા શુભ સમાચાર મળે.

**સિંહ : (મ.ટ.)** આર્થિક સમસ્યા દૂર થાય. કૌટુંબિક વાતાવારણ આનંદમય બને.

**કન્યા : (પ.ઠ.ણ.)** પ્રવાસમાં લાભ થાય. કર્મ ક્ષેત્રે વિશેષ લાભ મળેવી શકશો.

**તુલા : (ર.ત.)** નવિન સમાચાર મળે. જીવનસાથીથી મદદ મળે.

**વૃશ્ચિક :(ન.ય. )** આર્થિક નુકશાની ભોગવવી પડે. ખોટા સાહસોથી દૂર રહેવું.

**ધન : (ભ.ફ.ધ.)** વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. વ્યવહારોમાં ચેતીને રહેવું.

**મકર : (ખ.જ.)** વાણી સંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ મળે.

**કુંભ : (ગ.શ.સ.)** મનમાં પ્રસન્નતા રહે. કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય.

**મીન : (દ.ચ.જ.થ.)** પ્રવાસમાં સફળતા. અણધાર્યો લાભ મળવી શકશો.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.




## નિફ્ટી ફ્યુચર ૯૯૭૩ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

**તા ૧૮.૦૮.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૮૪૮) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૩૦ પોઈન્ટના પ્રથમ અને ૯૯૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૮૦૮ પોઈન્ટ થી ૯૭૭૩ પોઈન્ટ, ૯૭૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) છઝ્રઝ્ર લિમિટેડ (૧૮૦૦) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૮૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૭૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૩૭ થી રૂ.૧૮૫૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૫૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) યશ બેન્ક (૧૭૨૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૦૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૬૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૫૭ થી રૂ.૧૭૭૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૨૨) :- રૂ.૧૬૦૪ પ્રથમ તેમજ રૂ.૧૫૯૦ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૬૪૭ થી રૂ.૧૬૬૧ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) કોટક બેન્ક (૯૮૫) :- બેન્ક સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૦૩ થી રૂ.૧૦૧૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૬૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) તાતા સ્ટીલ (૬૩૦) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૧૬ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! સ્ટીલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૪૭ થી રૂ.૬૬૧ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો....

**૧) ૐફ્રહ્લઝ્ર લિમિટેડ (૧૭૩૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૫૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૦૭ થી રૂ.૧૬૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૬૧ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) એશિયન પેઈન્ટ્સ (૧૧૪૦) :- રૂ.૧૧૬૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૧૬ થી રૂ.૧૧૦૩ નો ભાવ દશવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૧૯૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ઇન્ફોસિસ (૯૨૭) :- ટેકનોલોજી સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૪૦ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૦૯ થી રૂ.૮૮૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) એકસિસ બેન્ક (૪૯૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૦૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૭૬ થી રૂ.૪૬૧ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૫૧૭ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) હિરો મોટો કોર્પ (૩૯૮૪) :- રૂ.૪૦૧૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૦૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૩૯૦૯ થી રૂ.૩૮૭૦ નો ભાવ દશવિ તેવી સંભાવના છે....!! રૂ.૪૦૭૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

## જૂનાડીસામાં બનાસ નદીનો નયનરમ્ય નજારો



બનાસકાંઠાની બનાસ નદી જૂનાડીસા નજદીક પ્રકૃતિના સાનિધ્યમાં કે જયાં કોતરોનું સુંદર કુદરતી સજાવટ અને રેલ્વે પુલનું અનિમેષ નયને નિહાળવાનું મન થયા કરે, સામે કિનારે વીડી તરફની લીલી હરીયાળી આંખને ઠંડક આપે, એવા પીકનીક સેન્ટર જેવાં દ્રશ્યો તસ્વીરમાં વિદ્યમાન છે. જન્માષ્ટમીની રજા અને સહેલાણીની સ્નાન કરવાનો શોખ ભીની - ભીની રેત આવા આહ્લાદક વાતાવરણની મોજ માણવા જૂનાડીસા તથા બાજુના ગામડાની જનતા નદી કિનારે સ્નાન કરી કે હરી - ફરીને, કુદરતી દ્રશ્યને નિહાળી પ્રકૃતિની ગોદમાં ઘડી બે ઘડી આનંદ - ઉમંગનો સમય વીતાવે છે.

## લુવાણા (ક) ની જ્ઞાન સાગર પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી



મુકેશ સોની

(પ્રતિ.) લાખણી

થરાદ તાલુકાના લુવાણા (ક) ગામે કટી ધામ ખાતે આવેલી જ્ઞાનસાગર પ્રાથમિક શાળા તથા પી.એલ.પટેલ માધ્યમિક શાળા દ્વારા ૭૧ મા સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ દિને ગામના સરપંચ ઝાલાજી ચમનાજી પટેલના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓએ તિરંગાને સલામી આપી વંદે માતરમ, ઝંડા ગીત, અને રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જ્ઞાનસાગર પ્રા.શાળાના પ્રમુખ નાંનજીભાઈ પટેલ, મંત્રી અરવિંદભાઈ પટેલ, સરપંચ ઝાલાજી પટેલ, શાળાના શિક્ષકો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## દામામાં દાનવીર દાતાનું સન્માન



મહેન્દ્ર શાહ

પ્રતિનિધિ રામપુરા

ડીસા તાલુકાની દામા ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં ૭૧ માં સ્વાતંત્ર્ય દિનની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સરપંચ અમૃતભાઈ નાથભાઈ, માજી સરપંચ ઈશ્વરભાઈ, ડે.સરપંચ, એસ.એમ.સી. સભ્યો અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી તિરંગાને સલામી આર્પી હતી. જે પ્રસંગે શાળાને ત્રણ લાખ રૂપિયાના ખર્ચે ૬૦૦ વિદ્યાર્થી બેસી શકે તેવો વિશાળ પ્રાર્થના શેડ બનાવી આપનાર ઈશ્વરભાઈ ધુડાભાઈ દેસાઈનું સન્માન કરવામાં આવ્યું હતુ. અંતે તેમની સખાવતને મુક્ત કંઠે બિરદાવી હતી.

## પેપળુ ગામેથી વિદેશી દારૂ સાથે એક ઈસમની ધરપકડ

પ્રતિનિધિ ભીલડી

જિલ્લા પોલીસ વડાની નિરજ બડગુજરની સુચનાથી ભીલડી પી.એસ.આઈ બી.એન. મોઢવાડીયાને મળેલ બાતમીના આધારે લાખણી તાલુકાના પેપળું ગામે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. ભીલડી પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ લાખણી તાલુકાના પેપળુ ગામના ઠાકોર પોપટજી ભેમાજી પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ રાખીને વેપાર કરે છે. તેવી બાતમી મળતા પી.એસ.આઈ બી.એન. મોઢવાડીયાએ સ્ટાફ સાથે રેઈડ કરતા પોપટજી ભેમાજીના ઘરમાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૨૫૨ (કિંમત રૂા. ૨૫,૨૦૦) સાથે પકડી પાડી આરોપી વિરૂધ્ધ પ્રોહી. ગુ.ર.૨૯૪/૨૦૧૭ આઈ.પી.સી. કલમ ૬૫, એઈ. ૧૧૬, દારૂબંધીના નવા કાયદા મુજબ ગુનો નોંધી જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે.

## લાયન્સ ક્લબ ડીસા દ્વારા આંતર શાળા દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

ડીસા

૧૫ મી ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્ય દિન પર્વ નિમિત્તે સાંજે ૭-૦૦ કલાકે ડીસા શહેરના લાયન્સ હોલ ખાતે લાયન્સ ક્લબ ઓફ ડીસા દ્વારા આંતર શાળા દેશભક્તિ ગીત સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સંજય જોષી ડીસા એ.પી.એમ.સી.ના ચેરમેન માવજીભાઈ એમ. દેસાઈ, વિશેષ ઉપસ્થિતિમાં માન. એન.એમ. ડામોર (મામલતદાર, ડીસા) અને અતિથિ વિશેષ તરીકે આપણા ડીસા શહેરના પર્યાવરણ પ્રેમી ડૉ.નવિનકાકા અને ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ માળી ઉપસ્થિત રહ્યા હતા. શહેરની વિવિધ શાળાઓ અને કોલેજના બાળકોએ દેશભક્તિ ગીત સ્પર્ધામાં ભાગ લઈ પોતાની શક્તિઓને ઉજાગર કરી હતી.

લાયન્સ ક્લબ ઓફ ડીસાના પ્રમુખ લા. હિતેશભાઈ એ. સોની, મંત્રી લા. નરેન્દ્રભાઈ આર. ઠક્કર, કાર્યક્રમના સંયોજક નરેશભાઈ શેઠ અને શિલ્પાબેન જે. પટેલ સહિત સમગ્ર ટીમ લાયન્સની જહેમતથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## બનાસકાંઠા કોંગ્રેસે નીટ મામલે આવેદનપત્ર પાઠવ્યું



સંજય જોષી

પાલનપુર

નીટ-૨૦૧૭ ની પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓને થયેલા અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે આજે કોંગ્રેસે રાજ્યવ્યાપી કાર્યક્રમ આપ્યો હતો. જેના ભાગેરૂપે પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા કૉંગ્રેસ સમિતિ દ્વારા પણ નીટ મામલે જિલ્લા કલેક્ટર દિલીપ રાણાને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં ગુજરાતના વિદ્યાર્થીઓને થયેલ અન્યાય દૂર કરવાની માંગ કરાઈ હતી. આ પ્રસંગે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ, જિલ્લા પ્રમુખ ઝાકિર ચૌહાણ, દિનેશભાઈ ગઢવી સહિતના કોંગી અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## રૈયા પગાર કેન્દ્ર શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

પ્રતિનિધિ રૈયા

દિયોદર તાલુકાના રૈયા પગાર કેન્દ્ર શાળામાં ૭૧ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વમાં રૈયા ગામના સરપંચ શ્રીમતી અવલબેન વાઘાભાઈ પરમારના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રૈયા ગામના વડીલ પટેલ નાથાભાઈ, કાથરોટીયા નાગજીભાઈ, ઠાકોર બબાજી ઠાકોર, કરશનભાઈ પંચાલ, વિરમાભાઈ પટેલ, જીવણજી ઠાકોર, ડેપ્યુટી સરપંચ નાથાભાઈ પટેલ, પંચાયત સદસ્ય મેઘાજી ઠાકોર, કરશનભાઈ દરજી, સી.આર.સી. સી.ડી.પટેલ, રૈયા શાળાના આચાર્ય પરાગભાઈ ગુજ્જર, ચેતન કોઠારી, પ્રકાશ કોઠારી, રઘુભાઈ પિલિયાતર, પનાભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, લક્ષ્મણભાઈ કોદળી, ભરતભાઈ મંત્રી, બાબરાભાઈ પટેલ (મંત્રી), નાગજીભાઈ (પાંણ) પટેલ, તેમજ વિવિધ જ્ઞાતિના વડીલો, યુવાન મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાંચડા પ્રા.શાળામાં રમત- ગમતનું મેદાન ક્યારે ?

પ્રતિનિધિ પાંચડા

વડગામ તાલુકાની પાંચડા પ્રા.શાળામાં ધો.૧ થી ૮ સુધીના વર્ગ છે. શિક્ષકોની સંખ્યા પણ ૮ થી ૧૦ જેટલી છે. આ ઉપરાંત શાળાના ઓરડા અને પ્રાંગણ પણ પૂરતા પ્રમાણમાં છે. પરંતુ બાળકો અને ગામના યુવાનો માટે ક્રિકેટ, ખોખો, કબડ્ડી વગેરે જેવી રમતગમત માટે કોઈ અલાયદી વ્યવસ્થા નથી. શાળા નજીકના ખુલ્લી ગોચર સિવાયની જમીન વગેરે રમતગમત માટે જરૂરી છે. જે માટે તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થાય તેવી માંગ ઉઠવા પામી છે.

## બાપલા દૂધ મંડળી દ્વારા ઘાસચારો અપાયો

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકામાં ભારે વરસાદ અને પૂર આવતા માનવ તેમજ પશુઓના મોત નિપજ્યા હતા. ત્યારે ભારે વરસાદમાં બચેલા પશુઓની હાલત કફોડી થવા પામી હતી. જ્યારે ખેતી પાકોમાં ભારે વરસાદથી ધોવાણ થતા પશુઓ માટેનો ઘાસચારો સંપૂર્ણ નષ્ટ થવા પામ્યો હતો. તેવા પ્રસંગે રિલાયન્સ ફાઉન્ડેશન અને બનાસડેરી દ્વારા બાપલા ખાતે દુધ મંડળીમાં ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં દુધ ગ્રાહકોએ સુકા ઘાસચારાની ગાંઠડીઓનું વિતરણ બાપલા દુધમંડળીના મંત્રી મફાભાઈ બી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેનું દુધ ગ્રાહકોએ બહોળી સંખ્યામાં લાભ લઈ ખુશી વ્યક્ત કરી હતી. તેમજ બનાસ ડેરી દ્વારા આપવામાં આવતુ ખાણદાણ વહેલી તકે અસરગ્રસ્ત પરિવારોને આપવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## પાંચડા ગામે નવુ બસ સ્ટેન્ડ બનાવવા માંગ

પ્રતિનિધિ પાંચડા

વડગામ તાલુકાનું પાંચડા કેન્દ્રમાં આવેલું મોટું ગામ છે જ્યાં નિઝામપુરા ચિત્રોડા, તાજપુરા કાલેડા તરફ સવારથી સાંજ સુધી લગભગ ૫ થી ૬ એસ.ટી. બસોની અવરજવર થાય છે જેમાં ખાસ કરીને સિધ્ધપુર - મોકેશ્વર, કામલી - અંબાજી સુધી અવર જવર પાંચડા ગામેથી થાય છે. પાંચડા પ્રા.શાળા સામે વડના વૃક્ષ પાસે આ બસોનું સ્ટેન્ડ છે. પરંતુ મેમદપુર, ધોતા, ચિત્રોડા જેવા ગામડામાં બસ સ્ટેન્ડ પાકાં બાધેલ છે. ત્યારે પાંચડા ગામે બસ સ્ટેન્ડ ન હોવાથી વરસાદ કે ઉનાળા શિયાળામાં બેસવા માટે સગવડ નથી આથી એસ.ટી. સત્તાવાળા ધ્યાન આપી ઘટતું કરે અને નવુ બસ સ્ટેન્ડ બનાવી આપે તેવી ગ્રામજનોની માંગ છે.

## પાથાવાડામાં વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું

(પ્રતિ.) પાંથાવાડા

દાંતીવાડા તાલુકામાં આવેલ પાથાવાડા મુકામે ૧૪ માં નાણાપંચની ગ્રાન્ટમાંથી લાખો રૂપિયાના ત્રણ વિકાસના કાર્યનું ખાતમુહુર્તની સાથોસાથ લોકાર્પણ વિધિ દાંતીવાડા તાલુકા પ્રમુખ ઈશ્વરસિંહના હસ્તે કરવામાં આવ્યું હતુ જેમાં પાથાવાડા મુકામે ત્રણ વિવિધ જરૂરીયાતલક્ષી વિકાસના કામાનું લોકાર્પણ તેમજ ખાતમુરત કરવામાં આવ્યું હતુ જેમાં પ્રમુખ ઈશ્વરસિંહ સોલકી, પાથાવાડા સરપંચ પતિ હંસાભાઈ તેમજ ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ ત્રિવિદી સહિત પંચાયત સભ્યો તેમજ ગામજનો પણ હાજર રહ્યા હતા.

## અધગામ પે.કેન્દ્ર શાળામાં ગામના ૧૦૫ વર્ષની વય ધરાવતા વયોવૃધ્ધ વ્યક્તિના હસ્તે ધ્વજવંદન



(પ્રતિ.) થરા

સમગ્ર ભારત દેશમાં ૭૧ માં સ્વાતંત્ર દિનની ઉજવણી દબદબાભેર થઈ રહી છે ત્યારે અધગામ પે.કેન્દ્ર શાળામાં દર સાલ ધ્વજારોહણ અધગામના સરપંચશ્રીના હસ્તે કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે અધગામના નવનિયુક્ત ઉત્સાહી સરપંચશ્રી શ્રીમતી લીલાબેન વિજયકુમાર પટેલ દ્વારા ગામના ૧૦૫ વર્ષની વય ધરાવતા તંદુરસ્ત વયોવૃધ્ધ વડીલ લગધીરજી જગશીજી ઠાકોર ના હસ્તે ધ્વજ ફરકાવવાનું સન્માન આપવામાં આપવામાં આવ્યું. જે ખુબજ સરાહનીય કાર્ય કહેવાય . અધગામ પે.કેન્દ્ર શાળાના એસ.એમ.સી.ના અધ્યક્ષ દાનાભાઈ ભગુભાઈ પટેલ દ્વારા વડીલ લગધીરજી જગશીજી ઠાકોરનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. તેમણે કહ્યું કે આમ કરવાથી લોકોમાં તંદુરસ્તીની હરીફાઈ થશે અને વડીલો પ્રત્યેની આદર ભાવનાથી તંદુરસ્ત સમાજનું નિર્માણ થશે. શાળાના આચાર્ય જે.બી.જોશીએ સરપંચશ્રીના આ નવીન વિચારને માન આપી સરપંચ સાહેબનું શાલ ઓઢાડી સન્માન કર્યું. શાળાના બાળકો દ્વારા સુંદર દેશભક્તિ ગીતો તેમજ વક્તવ્યો રજુ કરવામાં આવ્યા. લોકો દ્વારા નવ ભારત સંકલ્પ લેવામાં આવ્યા. શાળા પરીવાર તથા ગામ લોકોએ આ કાર્યને બિરદાવ્યું. કાર્યક્રમ સંચાલન શાળાના શિક્ષક બી.એન.પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું.

## કંબોઇની મોતિસર પ્રાથમિક શાળા ખાતે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો

સજ્જનસિંહ સોલંકી



(પ્રતિ.) કંબોઈ

૭૧ મા સ્વાતંત્રય દિનની ઉજવણી કંબોઇના મોતિસર પ્રા.શાળામાં કરવામાં આવી તેમાં પ્રથમ પ્રભાત ફેરી બાદ રાસ્ટ્રગીત સાથે શાળામાં જમીન દાનમાં આપનાર દેવુસિંહજી ખેતુસિંહજી સોલંકીના વરદહસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો અને સલામી આપવામાં આવી હતી ત્યારપછી શાળાના બાળકોને મિઠાઈ વેચવામાં આવી હતી. આ પ્રસંગે ઘનસીહ સોલંકી ભોમસિહ સોલંકી, વીનુભા સોલંકી, હુકમસિંહ રાઠોડ, બાબુસિંહ સોલંકી શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલ, અળખાજી ઠાકોર અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઊંઝાથી ભાખરી પગપાળા સંઘનું આયોજન

(વિષ્ણુ દવે)



પ્રતિનિધિ થરાદ

વાવ તાલુકાના ભાખરી ગામે હનુમાનદાદાનું પ્રાચિન અને પૌરાણિક મંદિર આવેલું છે. ભાખરીના સરપંચ એનડીજોષી દ્વારા સતત પાંચમા વર્ષે ઊંઝાથી ભાખરી પગપાળા સંઘનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે નિકળેલ સંઘ બુધવારે સાંજે ચાર વાગ્યે થરાદ આવી પહોંચ્યો હતો જેમાં બજરંગ યુવક મંડળના ૫૦ જેટલા યુવકો પગપાળા અને ૨૫ વાહનો સાથે સેવામાં સંઘમાં જોડાયા હોવાનું થરાદના દિનેશભાઈ લવજીભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું. છ દિવસમાં ૧૬૫ કીમીનું અંતર કાપી સંઘ ગુરુવારે ભાખરી પહોંચતાં ગ્રામજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. થરાદમાં પણ સંઘની ચાપાણી નાસ્તાની સરભરા કરવામાં આવી હતી.



(નરસિંહ દેસાઈ)

(પ્રતિ.) વડાવળ

અખિલ બ્રહ્માંડના નાથ અને રાજાધિરાજ ભગવાન શ્રી દ્વારકાધીશ પરમાત્માનો જન્મોત્સવને વધાવવા અનેરો થનગનાટ જોવા મળ્યો હતો. ઠેર ઠેર નાના ભુલકાઓ કૃષ્ણના વેશમાં સજ્જ થઈ શોભાયાત્રા અને મટકીફોડના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કૃષ્ણના જન્મ દિવસે જાણે ભગવાન સાચે ધરતી પર ઉતરી આવ્યા હોય તેવા ઉલ્લાસ અને ઉમંગમય વાતાવરણમાં કૃષ્ણ જન્મોત્સવની રંગે ચંગે ઉજવણી સાથે પ્રજાજનોમાં થનગનાટ જોવા મળ્યો હતો.

## તંત્રી સ્થાનેથી ...

### વિપતિઓમાં મિત્ર પણ વિપરિત બની જાય છે.

# પાક.ના ઈશારે કાશ્મીરમાં ખેલાઈ રહેલી હિંસાની હોળી

કેન્દ્રમાં ભાજપ સરકારનું શાસન શરૂ થયું ત્યારથી કાશ્મીરમાં અશાંતિનો માહોલ સર્જાયો છે. સરકારની અણઘડ નીતિઓના કારણે કાશ્મીરમાં હિંસાના બનાવો વધ્યા છે. કાશ્મીરમાં શાંતિ સ્થાપવાના મોદી સરકારના સિધ્ધાંતોનું સુરસુરીયું થઈ ગયું છે, આ વાત કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધીએ પત્રકારોને જણાવી હતી. જે દેશવાસીઓને હાસ્યાસ્પદ જણાય છે. જો કે વર્તમાન સમય ભાજપ માટે સાવધાનીપૂર્વક વર્તવાનો સમય છે. આત્મ નિરીક્ષણનો પણ પ્રશ્ન છે, આજે કાશ્મીર મોરચે આઝાદી પછી સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ પ્રવર્તે છે.

એક તરફ ચીન અને પાકિસ્તાન ભારત વિરોધી નારા લગાવી રહ્યાં છે. અને ચીન સાથે યુધ્ધની સ્થિતિની ભીતિ સેવાઈ રહી છે. નોટબંધી, જીએસટી અને સર્જીકલ સ્ટ્રાઈક દેશ માટે ઉપયોગી પગલાં હોવા છતાં વિપક્ષ તેનો વિરોધ કર્યા કરે છે.

એક હકીકત છે કે ભ્રષ્ટાચારના મુદ્દે વ્યાપક વાતો અને પ્રચાર થયા કરે છે. આજે સાડા ત્રણ વર્ષ પછી પણ લોકપાલની નિયુક્તિ થઈ શકી નથી. વિપક્ષી નેતાઓને ત્યાં દરોડા પડે છે અને સત્તાપક્ષના નેતાઓને ક્લિન ચિટ મળી જાય છે, વડાપ્રધાનની વારંવાર અપીલ છતાં ટોળાં દ્વારા હિંસાની ઘટનાઓ બંધ થઈ શકી નથી.

કાશ્મીરની સમસ્યામાં પાકિસ્તાન મહત્વનું તોફાની પાત્ર કહેવાય છે. ચીન પાકિસ્તાનને ભારત વિરોધી પ્રચારમાં સાથ આપી રહ્યું છે. બસ આગ ચાંપવાનો ધંધો ચીને આદર્યો હોય તેવું સ્પષ્ટ જણાય છે. પાક.ના ઈશારે જ કાશ્મીરમાં હિંસાની હોળી ખેલાઈ રહી છે.

કાશ્મીર ક્યાં સુધી હિંસા અન દેખાવો થયા કરશે. ત્યાંના યુવાનોને કોણ ભરમાવી રહ્યું છે. ત્યારે માત્ર પાકિસ્તાન તરફ જ આંગળી ચિંધાય છે. પાક.ના ત્રાસવાદીઓ જ કાશ્મીરી યુવાનોને હિંસાના માર્ગે લઈ જઈ રહ્યા છે. કાશ્મીરી યુવાનો તો ઠીક યુવતીઓ પણ તોફાનોમાં સાથ આપી રહી છે. આવું અગાઉના વર્ષોમાં ક્યારેય બન્યું ન હતું. જે હવે નજર સમક્ષ દેખાઈ રહ્યું છે.. એક જ વાત યાદ કરવાની કે તેઓને હિંસા આચરવા દો. ક્યાં સુધી હિંસાના દેખાવો કર્યા કરશે? તેનો પણ અંત આવ્યા વિના રહેશે નહિં.

આજે ભાજપની લોકસ્વીકૃતિ, જનાધાર અને લોકપ્રિયતા વધ્યાં છે, તેના સત્તાક્ષેત્રનો ૨૦૧૪ પછી ઝડપથી વિસ્તાર થયો છે. કોંગ્રેસ મુક્ત ભારતમાંથી વિપક્ષ મુક્ત ભારતની દિશામાં ભાજપ આગળ વધી રહ્યો છે.

જો કે કાશ્મીરના અમુક નેતાઓએ વડાપ્રધાનના વક્તવ્યને આવકાર આપ્યો છે. જ્યારે કેટલાક નેતાઓની અવળચંડાઈના કારણે યુવાનો હિંસાના રવાડે ચડ્યા છે. તેઓ માત્ર પોતાનું ભવિષ્ય અંધકારમાં ધકેલી રહ્યા છે.. તેઓને કોઈ સાચી વાત સમજાવનાર નથી. જેથી કોંગ્રેસ મનમાં મલકાઈ રહ્યો છે અને વડાપ્રધાનની વાતનો સરેઆમ વિરોધ કરી રહેલ છે.

કાશ્મીરમાં ભલે ગમે તેટલો વિકાસ થાય પરંતુ અલગતાવાદી નેતાઓ ભાજપ સરકારનો ભારે વિરોધ કરી રહ્યા છે. આજે હજારો કાશ્મીરી પંડિતો હિઝરત કરી ગયા છે. તેઓ તેમની માલ મિલ્કત મુકીને અન્ય રાજ્યમાં વસ્યા છે, આ એક ગંભીર બાબત છે. કાશ્મીર સમસ્યાને નિવારવા ત્યાંના યુવાોન સાથે સરકારે મંત્રણા કરવી જોઈએ. તેવું દેશજનોનું માનવું છે.

ભારતીય સેનાએ ગત વર્ષે કાશ્મીરમાં આવેલા પૂરની આફતમાંથી લોકોને ઉગારી હતી. એ જ પ્રજા આજે સેના પર પત્થરમારો કરે છે તેને કઈ રીતે ગળે વળગાડવામાં આવશે? વડાપ્રધાને લાલ કિલ્લા ખાતે ૧૫ મી ઓગષ્ટના ભાષણમાં કહ્યું હતું કે ‘‘ગાલી ન ગોલીસે કાશ્મીર મુદ્દા ગલે લગાકર સુલઝાયેંગે..’’ વડાપ્રધાનનું વક્તવ્ય યોગ્ય છે. પરંતુ કાશ્મીરની જનતામાં સમજદારી રહી નથી તે વાત ચોક્કસ છે.

## ધ ડ્રામા કંપની આઝાદી દિવસને મ્સ્ઝ કામદારોની સાથે ઉજવે છે!



ફિલ્મ નિર્દેશક ગુરૂન્દિર ચઢ્ઢા અને બોલિવુડ અભિનેત્રી હુમા કુરેશી સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના ધ ડ્રામા કંપનીના સેટસને શોભાવે છે કે જેથી તેમની આવી રહેલી ફિલ્મ, પાર્ટીશનઃ૧૯૪૭ ને પ્રમોટ કરી શકે. તેમણે બધા જ એકટસને માણ્યા હતા અને તેમાં ભાગ પણ લીધો હતો. સેટનો આખો જ દેખાવ અને અહેસાસ દેશભક્તિ અને ઉજવણીનો હતો.બીજા પણ મહેમાનો હતા કે

જેઓ દર્શકોમાં જોવા મળ્યા હતા. તેઓ બીજા કોઈ નહિ પણ મ્સ્ઝ કામદારો હતા કે જેમણે શહેરને સ્વચ્છ રાખવા માટે સખત મહેનત કરી હતી. ધ ડ્રામા કંપનીના કલાકારોને ગુરીન્દર અને હુમાની સાથે સ્ટેજ ઉપર આમંત્રણ આપવામાં આવ્યુ હતુ અને થોડાક વ્યક્તિઓએ ડાન્સ કર્યો હતો.

સેટ ઉપરના સૂત્રો જણાવે છે કે, કામદારોમાંથી એક જણ કે જેનુ નામ ગાયકવાડ’ હતુ કે જે મિથુન ચક્રવર્તીનો મોટો ચાહક હતો તેણે આ કલાકારની સાથે ડાન્સ કરવાને એક મોટો લ્હાવો ગણ્યો હતો. મિથુન કે જે આભારીવશ હતા તેંમણે તેને કહ્યુ હતુ કે તેણે તેમણે તેના બાળપણના દિવસો યાદ કરાવી દિધા હતા. BMC કામદારોએ આખા મુંબઈમાંથી દર વર્ષ આશરે ૯.૫ કિ ટન કચરો સાફ કર્યો છે અને તેઓ આ શો ઉપર છે તે ખરેખર તેમના માટે એક મોટી વાત છે. આ આખો જ એપિસોડ BMC કામદારોને સમર્પિત કરવામાં આવ્યો હતો.

ધ ડ્રામા કંપનીને દર શનિવાર અને રવિવારે રાત્ર ૮:૦૦ વાગ્યે માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર નિહાળો.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

*&પિક્ચર્સ રજૂ કરે છે*

## રાજકીય થ્રિલર સરકાર ૩નું વર્લ્ડ એચડી પ્રિમિયર, ૨૦ ઓગસ્ટ રાત્રે ૮ કલાકે



જો આપણે કોઈ એક ફ્રેંચાઈઝી ફિલ્મની વાત કરીએ જેમાં ભારતીય રાજનીતિનુ ખુબ સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યુ હતુ તો તે ફિલ્મ જરૂરથી સરકાર જ હશે. કેટલીક જબરદસ્ત પર્ફોર્મન્સ સાથે આ ફિલ્મની દરેક કડીએ તાકાત અને દગાને એવી સરસ રીતે રજૂ આત કરી છે જેને આ પહેલા કયારે રજૂ નથી કરાયું. શ્પિક્ચર્સ એચડી પોતાના દર્શકોને ફિલ્મ દેખાડવાનો એક અલગ અનુભવ કરાવતાં રવિવાર ૨૦ ઓગસ્ટે રાત્રે ૮ વાગ્યે આ ફ્રેંચાઈઝીની ત્રીજી ફિલ્મ સરકાર ૩ નું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર રજૂ કરવા જઈ રહ્યું છે.નિહાળો દિલચસ્પ પોલિટિકલ થ્રિલર સરકાર ૩ નું વર્લ્ડ એચડી પ્રિમિયર, રવિવાર ૨૦ ઓગસ્ટ રાત્રે ૮ વાગ્યે માત્ર શ્પિક્ચર્સ એચડી પર.

## ડૉ. અનુપ સોની રજૂ કરે છે એક અનોખી ગુજરાતી ફિલ્મ ‘અવસર’

**ચાર યુવતીઓની સંઘર્ષ અને સાહસની વાર્તા**



રાઈટર, દિગ્દર્શક અને નિર્માતા ડૉ. અનુપ સોની બ્લેક ઓસિયન સિને મિડીયા પ્રોડક્શન હેઠળ રજૂકરી રહ્યા છે ચાર યુવતીઓના સંઘર્ષ અને સાહસની વાર્તા ‘અવસર’, જે એક એક્શન ગુજરાતી ફિલ્મ છે.અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ હવે સમાજમાં ધરખમ પરિવર્તન લાવી દેશે. તમને આશ્ચર્ય થયું? વાસ્તવમાંઆ ૪ શહેરો મહત્ત્વની ભૂમિકા ભજવવાના છે. પણ કઈ રીતે ? તમે કદાચ આવું પૂછશો. તો અમે તમને જણાવીએ કે આગામી નવી ફિલ્મ અવસર (અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ ચારેય શહેરોનાં પ્રથમ અક્ષરોથી બનેલું નામ) સમાજમાં ધરમૂળથી પરિવર્તન લાવવા આવી રહી છે. આ ફિલ્મનું નામ પણ અનોખું છે અવસર. તેના અનોખા નામ પ્રમાણે જ આ ફિલ્મનો મૂળ વિચાર પણ અનોખો છે. ફિલ્મ અવસરના કથાનકની વાત કરીએ તો તે ૪ યુવતીઓની વાર્તા છે જે ચારેય યુવતીઓ સ્વતંત્રતા અને સત્ય માટે લડે છે. ચારેય યુવતીઓ ચાર અલગ શહેરોમાંથી આવે છે, જે શહેરો છે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ. આ ચારેય યુવતીઓ વિવિધ ક્ષેત્રમાં કાર્યરત છે. અમદાવાદની યુવતી પ્રોફેશનલ વકીલ છે તો વડોદરાની યુવતી બિઝનેસ વુમન છે. જ્યારે ત્રીજી યુવતી સુરતની છે જે સમાજ સેવિકા છે અને ચોથી રાજકોટની યુવતી આઈપીએસ અધિકારી છે.આ ચારેય યુવતીઓ અપરાધ, ભ્રષ્ટાચાર અને સમાજની તમામ બદીઓ સામે લડવા માગે છે. આ જ ફિલ્મ અવસરનો મૂળ વિચાર છે.

ફિલ્મના રાઈટર, ડિરેક્ટર, પ્રોડ્યુસર ડૉ. અનુપ સોની છે, જ્યારે મ્યુઝિક ડિરેક્ટર તરીકે ફેનીલકોનીકે જવાબદારીસંભાળી છે. ફિલ્મના સ્ક્રીન પ્લે અને ડાયલોગ્સ માટે રફિક પઠાણે જહેમત ઉઠાવી છે. હવે આપ જાણો છો એ પ્રમાણેફિલ્મમાં ચાર અભિનેત્રીઓ છે જેમકે ભાની સિંહ, પ્રિયંકા શાહ, રેહા ખાન અને ફોરમ મહેતા. આ ફિલ્મની સૌથીઅનોખી વાત એ છે કે આ ફિલ્મમાં કોઈ હીરો જ નથી. ચારેય હિરોઈન આ ફિલ્મને મજબૂત બનાવશે.આ ફિલ્મ અવસર બે ભાષામાં પ્રદર્શિત થવાની છે. પ્રથમ આ ફિલ્મ ગુજરાતી ભાષામાં રિલીઝ થશે અને ત્યારબાદ તે હિન્દી ભાષામાં પ્રદર્શિત થવાની છે.

## રોહિત શેટ્ટીની અભુતપુર્વ ઓપનીંગ કરતી ધમાકેદાર ફિલ્મ તંબુરો



રોહિત શેટ્ટીની તંબુરો કોમેડી એકશન ગુજરાતી ફિલ્મ ધમાકેદાર ઓપનીંગ સાહે ૧૮ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મ ૫ કરોડના બજેટની સૌથી પહેલી ગુજરાતી ફિલ્મ છે. જેમા સૌથી મોટા સ્ટારકાસ્ટે તેમની આગવી ભુમિકા ભજવી છે. આ અંગે રોહિત શેટ્ટી નુ ખેવુ છે કે ગુજરાતના લોકો પર તેમને અટુટ વિશ્વાસ છે કે તેઓ આ ફિલ્મને ૫૦ કરોડથી પણ વધુ નફો કરાવશે. કારણકે પહેલીવાર આ ગુજરાતી ફિલ્મમાં ધમાકેદાર કોમેડી એકશન અને થ્રીલરનુ ફ્યુઝન કરીને બનાવેલ છે. વધુમાં તેમણે જણાવ્યુ કે ગુજરાતી સૌથી મીઠાશ ધરાવતી ભાષા છે અને ગુજરાતના એક એક ખુણાની ભાષાના સ્વાદને ભેગા કરીને બનાવવામાં આવેલી આ ફિલ્મ તંબુરોનું શુટીંગ વડોદરા , અમદાવાદ અને મુંબઈમાં કરવામાં આવ્યુ છે. ફિલ્મના દિગદર્શક મુંબઈના શૈલેષ કાળે છે અને આ તેમની પહેલી ગુજરાતી ફિલ્મ છે. આ પહેલા તેઓ ઘણી મરાઠી ફિલ્મ કરી ચુકયા છે. આ ફિલ્મમાં મુખ્ય ૧૨ કલાકાર રે અને દરેકનુ પાત્ર હટકે છે. તેથીજ આ ફિલ્મને હટકે ફિલ્મની ટેગલાઈન આપવામાં આી છે. આ ફિલ્મમાં મનોજ જોશી, જાનકી બોડીવાલા,ભરત ચાવડા, પ્રિયા નાયર , રીટા બાદુરી, આયુષ જાડેજા , શેખર શુકલા, કોમેડીયન પ્રસાદ બરવે, જેવા કલાકારો છે.

## ન્યૂયોર્કમાં વર્લ્ડ પ્રિમિયર બાદ, ઝીશાન અયુબ, સીમાબિશ્વાસ, સુબ્રત દત્ત અને અંજલિપાટિલ અભિનીત ‘સમીર’નું ટ્રેલર મુંબઈમાં કાસ્ટ અને ક્રૂસાથે લોન્ચ



અમદાવાદ

ફિલ્મનિર્માતા દક્ષિણ છારાની આગામી ફિલ્મસમીરનું ટ્રેલર કિરણ મીડિયા, મુંબઈ ખાતે તેના સમગ્ર કલાકારો અનેક્રૂ સાથે ભવ્ય કાર્યક્રમ દરમિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.સમીર ફિલ્મમાં જાણીતા કલાકારો જેમકેઝીશાન અયુબ (રાંઝણા, તનુ વેડ્સમનુ રિટર્ન્સ, રઈશ), અંજલિ પાટિલ(મિર્ઝયા, ન્યુટન) અને સુબ્રત દત્ત(તલાશ) સામેલ છે. અગાઉ ૨૦૦૮માં,ફિલ્મનિર્માતા દક્ષિણ છારાએ અમદાવાદશહેરમાં થયેલા ૨૧ બોમ્બ બ્લાસ્ટનાદશ્યો ફિલ્માવ્યા હતા. એ ખાસ ઘટના અને પીડિતોની મુલાકાત પછીતેમણે તેને સ્ક્રીન પર લાવવાનું નક્કી કર્યું હતું.ન્યૂયોર્ક ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મની સફર અંગે અનેફિલ્મની ભારતમાં રિલીઝ અંગે સમીરના ડિરેક્ટર દક્ષિણ છારાએ કહ્યું હતું,‘સમીર એક શક્તિશાળી કથાનક છે જે આપણા સમયની ક્રૂર વાસ્તવિકતાદર્શાવે છે, જેમાં આતંક કઈ રીતે સામાન્ય લોકોની જિંદગી હણી લે છે તેની વાત છે. અમે અમારું કેમ્પેન શરૂ કરતા ટ્રેલર લોન્ચ કરીને રોમાંચ અનુભવી રહ્યા છે અને હવે દર્શકોની પ્રતિક્રિયા અંગે આતુરતાપૂર્વકરાહ જોઈ રહ્યા છીએ!’આ ઉપરાંત, એ ઘણું જ પડકારરૂપ હતું કેઆ પાત્રમાં હું ઓગળી જઉં કેમકે તે એક અત્યંત જટિલ મુદ્દા પર છે અનેસાથે અમે હ્યુમનિટીનો દૃષ્ટિકોણ વીસરી શકીએ તેમ નહોતા. અમને આશા છે કે ઓડિયન્સ અમારા પ્રયાસોને આ મહત્ત્વપૂર્ણ ઘટના અંગેની ફિલ્મ માટે બિરદાવશે.સમીર નોમાદ મૂવીઝ પ્રા. લિ. દ્વારા રજૂ કરાઈ છે જે ભારતભરમાં ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ રિલીઝ થશે.

## ડેટાનેટ ઈન્ડિયાએ ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો માટે પ્રથમ પ્રકારનીએસેમ્બલી ફેક્ટબુક્સ લોંચ કરી

નવી દિલ્હી

૧૬ વર્ષથી કાર્યરત ઈન્ફોર્મેશન ટેકનોલોજી અનેબલ્ડ સર્વિસીસ કંપની ડેટાનેટા ઈન્ડિયાએ અતિજરૂરી એસેમ્બલી ફેક્ટબુક્સ લોંચ કરી છે, જે આઝાદી પછી અત્યાર સુધીનાં વિધાનસભાનાં ચૂંટણી પરિણામો સાથે ડેમોગ્રાફિક અને ઈલેક્ટોરલ ખાસિયતો તેમજ વર્ષ ૨૦૦૮માં પુનઃસીમાંકન થયા પછી ચૂંટણીઓ માટે કોઈ ખાસ વિધાનસભા બેઠક માટે પોલિંગ સ્ટેશનસ્તરનાં પરિણામોની વિગત ધરાવે છે. આ પ્રથમ પ્રકારની એસેમ્બલી ફેક્ટબુક ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો માટે ઉપલબ્ધ થઈ છે.આ એસેમ્બલી સ્તરની બુક્સમાં પ્રદાન કરવામાં આવેલા ડેટાની અધિકૃતતા વિશ્વસનિય છે, કારણ કે આ વિગતો ભારતીય ચૂંટણી પંચ(ઈસીઆઈ), ચીફ ઈલેક્ટોરલ ઓફિસ (સીઈઓ), ગુજરાત અને પ્રાદેશિક ચૂંટણી પંચની ઓફિસોમાંથી મેળવવામાં અને સંકલિત કરવામાં આવી છે. તેમાં વિધાનસભા બેઠક સ્તરે ડેટાની ડેમોગ્રાફિક અને સામાજિક-આર્થિક સુલભતા માટે ડેટાનેટ ઈન્ડિયાનાં અંદાજનેપણ આવરી લેવામાં આવ્યો છે. કોઈ ખાસ વિધાનસભા બેઠક વિશે સંપૂર્ણ માહિતી રસપ્રદ અને વિગતવાર ફોર્મેટમાં પ્રસ્તુત કરવા આબુકમાં આંકડાકીય માહિતી, મેપ્સ, ગ્રાફ અને ચાર્ટ સામેલ છે. ચૂંટણીલક્ષી ડેટા મેળવવા ઈચ્છતાં તમામ લોકો માટે આ વન સ્ટોપઈલેક્ટોરલ ડેટા ગાઈડ સંપૂર્ણ સોલ્યુશન છે, જે કોઈ ખાસ વિધાનસભા બેઠકની ચૂંટણીની સમયરેખાની આકારણી કરે છે. એસેમ્બલી ફેક્ટબુક્સનાં સંભવિત વપરાશને ધ્યાનમાં રાખીને આ તેની પોર્ટલ www.datanetindia-ebooks.com પર ઓનલાઈનઉપલબ્ધ કરાવવામાં આવી છે તથા જુદી જુદી જગ્યાએ સ્થિત યુઝર્સને આવરી લેવા પ્રિન્ટ, ઈબુક અને વેબ એક્સેસ ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પાર્ટી પર્ફોર્મન્સ સાથે ખાસ વિધાનસભા બેઠકની સ્થિતિનું મૂલ્યાંકન કરવા આ ડેમોગ્રાફિક અને ચૂંટણીલક્ષીખાસિયત ધરાવતો ડેટા વિધાનસભા સ્તરનાં આયોજન તથા ચૂંટણીમાં રણનીતિકારો, રાજકીય પક્ષોનાં નેતાઓ, ઉમેદવારો, મીડિયાપ્રતિનિધિઓ, સમુદાય/જૂથો, રાજકીય પક્ષોનાં પદાધિકારીઓ, સેફોલોજિસ્ટ, રાજકીય પંડિતો, રાજ્યશાસ્ત્રનાં વિદ્યાર્થીઓ/ફેક્લ્ટીઅને અન્ય શાખાનાં વિદ્વાનો માટે મુખ્ય સ્ત્રોત છે. આ ડેટા અગાઉની ચૂંટણીનાં પરિણામોનું અવલોકન કરવામાં વધુ મદદ કરશે તથારાજકીય પક્ષો અને ઉમેદવારોની કામગીરીની દ્રષ્ટિએ વિધાનસભાની આગામી ચૂંટણીઓ માટે તૈયાર કરવામાં મદદ કરશે.

તેમણે આ બુકનાં પર્ફોર્મન્સ વિશે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભારતીય વિધાનસભા બેઠકોનાં ચૂંટણીલક્ષી ડેટા પર બુક ભાગ્યેજ ઉપલબ્ધ છે. આ પ્રથમ પ્રકારની એસેમ્બલી ફેક્ટબુક્સ લોકેશન અને પોલિટિકલ મેપ્સ, વસતિવિષયક, ચૂંટણીલક્ષી વિશેષતાઓ,ચૂંટણીનાં પરિણામોનો ઐતિહાસિક સાર, પોલિંગ સ્ટેશન સ્તરની ચૂંટણીનાં પરિણામો, વિધાનસભાની બેઠક અને સામાજિક-આર્થિક સુવિધાઓ જેવી વિસ્તૃત માહિતી આવરી લે છે.

## સ્વાઈપ દ્વારા ગોરિલા ગ્લાસ સાથે ભારતનો અત્યંત એફોર્ડેબલ ૫’’ 4G સ્માર્ટફોન લોન્ચ કરાયો

સ્વાઈપ ગૃહમાંથી ઈલાઈટ ૪ય્ના લોન્ચ સાથે ભારતનો ૪ય્ અનુભવ વધુ રોમાંચક બનવા માટે સુસજ્જ છે. સ્વાઈનનીઅત્યંત લોકપ્રિય ઈલાઈટ સિરીઝમાં આ નવું લોન્ચ ઈચ્છુક ભારતીય યુવાનોને બેજોડ 4G અનુભવ પ્રદાન કરશે. આ પૈસા વસૂલ ઉપકરણ ૧ GB RAM માટે રૂ. ૩૯૯૯ની આકર્ષક કિંમતે અત્યાધુનિક ટેકનોલોજી ઓફર કરીને સમયની જરૂરતને પહોંચી વળશે એવી અપેક્ષા છે.સ્વાઈપ ઈલાઈટ 4G,૫’’ FWVGA ડિસ્પ્લે સાથે આવે છે, જે ગોરિલા ગ્લાસનું બન્યું હોઈ ઉત્તમ કામગીરીની ખાતરી રાખે છે. ગોરિલા ગ્લાસમાં સ્ક્રેચ એન્ડ ઈમ્પેક્ટ- રેઝિસ્ટન્ટ ગો સાથે તેની અતુલનીય થિન પ્રોફાઈલને લીધે તે વધારાના નોંધનીય વજન કે ઈલાઈટ ૪ય્ની કેપેસિટિવ ટચ સ્ક્રીન સાથે ચંચુપાત કર્યા વિના ડિવાઈસના ડિસ્પ્લેનું રક્ષણ કરે છે. અતુલનીય ડિઝાઈન સાથે ઈલાઈટ 4G બ્લેક, ગ્રે અનેગોલ્ડ રંગ પ્રકારમાં મળે છે. તેની અર્ગોનોમિકલી બહેતર ડિઝાઈન આ પ્રતીકાત્મક સ્માર્ટફોનને કૂલ લૂક આપે છે અને ઉપભોક્તાના હાથોમાં ઉત્તમ અહેસાસ આપે છે.ડેટાનો ખર્ચ ઓછો થઈ રહ્યોહોવાથી ભારત ઝડપથી ૪ય્માં માઈગ્રેટ થઈ રહ્યો છે. ભારત ખરા અર્થમાં ત્યારે જ સશક્ત બનશે જ્યારે આ અર્થવ્યવસ્થાનો દરેક આમઆદમી મોબાઈલ કોમ્યુનિકેશન્સમાં સર્જાઈ રહેલી આ ક્રાંતિનો લાભ લઈ શકશે. સરકાર નાણાકીય લેણદેણ અને અન્ય સંકળાયેલા લાભો માટેમોબાઈલ ફોન્સના ઉપયોગને પ્રોત્સાહન આપી રહી હોવાથી સ્માર્ટફોન નહીં ધરાવવું તે હવે પસંદગી બિલકુલ નથી. સ્વાઈપ ભારતીયઉપભોક્તાઓની અજોડ આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલો ફીચર- રિચ ફોન ઈલાઈટ ૪ય્ના લોન્ચ સાથે ભારતનીસ્માર્ટફોન ક્રાંતિમાં યોગદાન આપવામાં બેહદ ખુશી અનુભવે છે. અમે એ ખાતરી રાખવા માગીએ છીએ કે બધા ભારતીયો અત્યંત સ્પર્ધાત્મક દરે ૪ય્ સ્પીડ્સનો અનુભવ મહેસૂસ કરી શકે. હાઈ- પાવર ૨૫૦૦ mAh બેટરી ઉપભોક્તાઓને અધવચ્ચે અટકી નહીં જવું પડે તેની ખાતરી રાખે છે. બેટરી ૧૧ કલાક સુધી ટોકટાઈમ આપે અને સ્ટેન્ડબાય મોડ પર ૧૦૦ કલાક સુધી ચાલે તેવું રેટિંગ ધરાવે છે.

## ગુજરાતમાં વાઉ ફેમિલી કેમ્પેનની બીજી ઈનિંગ્સ સાથે ઓટમ કલેક્શનની રજૂઆત

સુરત

ભારતની અગ્રણી વેલ્યુફેશન બ્રાન્ડ મેક્સ ફેશન દ્વારા આજે તેના વાઉ ફેમિલી કેમ્પેનની બીજી ઈનિંગ્સની રજુઆત સાથે ઓટમ સિઝનની રજુઆત કરી છે. આ કેમ્પેન ‘ફરવાની મજા’ ના પ્રથમ તબક્કામાં મેક્સનો પ્રયાસ ગુજરાતના તમામ પરિવારોને એક સાથે લાવવાનો છે અને તેમને આગામી ઉત્સવો માટે તૈયાર કરવાનો છે. આ ગુજરાતમાં અમારા શોપર્સ સાથે સંકળાવાનો સમય છે કેમ કે તમામ લોકો પોતાના પરિવારો સાથે રજાઓ માણવાની તૈયારી કરતા હશે. નામ ‘ફરવાની મજા’ ને સાર્થક કરતું આ અભિયાનનો અર્થ વેકેશનનો આનંદ માણવા જેવો થાય છે અને અમને ગૌરવ છે કે મેક્સનું અદભૂત વોન્ડરલસ્ટ થીમ્ડ ઓટમ કલેક્શન રજુ કરવામાં આવ્યું છે. ઓટમની સિઝન ગુજરાતીઓ માટે મુસાફરીનો સમય છે અને આ ઓટમ કલેક્શન તેમની સુટકેસીસમાં બંધ બેસશે. આ ઓફર્સ ગુજરાતના અમારા વ્હાલા પરિવારો માટે છે અને એમને આશા છે કે તેમના માટે આ ઓટમ યાદગાર બની રહેશે.’જાણીતી બોલિવુડ ગાયિકા ભૂમિ ત્રિવેદીએ આ અંગે કહ્યું હતું, ‘એ આનંદપૂર્ણ બાબત છે કે કોઈ બ્રાન્ડ ઓડિયન્સ સાથે તેના મૂળભૂત સ્તર સાથે જોડાય છે. મેક્સનું ઓટમ કલેક્શન આ કેમ્પેનના ટોન સાથે બંધ બેસે છે. જેમાં ગ્રાહકોની ખુશીને સૌથી વધુ મહત્વ આપવામાં આવ્યું છે.

મેક્સ દ્વારા આ સેલિબ્રેશન દરમિયાન કેટલીક ઓફર્સ કરાઈ છે.

મેક્સ વાઉ ફેમિલી સ્લોગન કોન્ટેસ્ટમાં ગ્રાહકો સામેલ થઈ શકે છે અને ફુલી પેઈડ ઈન્ટરનેશનલ ટ્રીપ જીતવાની તક મેળવી શકે છે. ૨૪ વિજેતાઓ કે જેમને કલબ મહિન્દ્રા રિસોર્ટ ખાતે મફત રોકાણની તક મળશે.

## શ્રાવણના છેલ્લા સોમવારે ભગવાન મહાકાલની પાલખી યાત્રા નિકળશે



અમદાવાદ

ઉજ્જૈનની જેમ જ અમદાવાદના કુબેરનગર વિસ્તારમાંથી પરમ પુજ્ય સંત શ્રી ગગનજી બાપુના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૧૫ વર્ષોથી મહારાજાધિરાજ ભગવાન મહાકાલ ની પાલકી નિકાળવામા આવે છે.૧૮ કિલો ચાંદી ની પાલકી મા ભગવાન ને બેસાડી યાત્રા દર વર્ષે શ્રાવણ મહિના ના છેલ્લા સોમવારે નિકળવાની પરંપરા છે. આ વર્ષે આ સંયોગ ૨૧મી ઓગસ્ટે આવે છે. આંતરરાષ્ટ્રીય અખાડા પરિષદ ના મહામંત્રી શ્રી હરીગીરીજી મહારાજ, જગન્નાથ મંદિર અમદાવાદ ના મહંત શ્રી દિલિપદાસજી મહારાજ અને બજરંગ આશ્રમના શ્રી છાયાદાસ બાપુ દ્વારા અભિશેક પૂજન કરવામાં આવશે.

ગગનજી બાપુએ જણાવ્યું કે "આ પાલકી યાત્રામા ભગવાન મહાકાલને ચંદ્રમૌલી સ્વરૂપ વાળી રજત - પ્રતિમામાં બેસાડીને નગર ભ્રમણ કરાવવામાં આવે છે.આ પાલકી યાત્રામા સૌ પ્રથમ પોલીસ જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામા આવે છે.જેમા ઘોડેસવાર, પોલીસ બેન્ડ, ઢોલ-તાસા, ભજન મંડળીઓ, અખાડા વગેરે સાથે હોય છે.સાથેજ ભગવાન મહાકાલ નટરાજ, ઉમામહેશ, હોલ્કર, ઘટાટોપ, ગણગૌર, નીલકંઠેશ્વર, સપ્તધાન અને મનમહેશ સ્વરૂપમાં પણ ભક્તોને દર્શન આપશે. સાથેજ પાલકી યાત્રામાં ભારતીય સંસ્કૃતિના પણ દર્શન થશે.જેમા ઉજ્જૈનની ભજનમંડળીઓ,અમદાવાદના "સિદ્ધ નાઈટ-સ્ટાર અને જીનેક્સ ગરબા ગૃપ, ઉજ્જૈનની ઈન્ડિયાજ ગોટ ટેલેન્ટ ની વિજેતા મલખમ્બ ટીમ,રસ્સી મલખમ્બ, ઉજ્જૈનના અખાડા, હાથી,ઘોડા, ઢોલ-તાસા વગેરે આકર્ષણનું કેન્દ્ર રહેશે.આ વર્ષે અમદાવાદના ૫૦૦ વોલન્ટિયર્સ પાલકી યાત્રા માં સહયોગ આપશે. આ પાલકી ની મુખ્ય વિશેષતા એ છે કે આની બધી તૌયારીઓ ઉજ્જૈનથી જ કરવામા આવે છે. ગુરૂજીના દિશા નિર્દેશ થી પરંપરા અનુંસાર આ વખતે પણ ૨૦મી ઓગસ્ટ રવિવાર સવારે ૧૧ વાગ્યે નગરના માણસોને પાલકી યાત્રા મા આમંત્રિત કરવા માટે એક રેલી કાઢવામાં આવશે.અને ૨૧મી ઓગસ્ટ સોમવાર ની સવારે ૧૦ વાગ્યે થી બપોરે ૩ વાગ્યા સુધી મહારુદ્રાભિષેક,સાંજે ૪ વાગ્યે પાલકી ની પુજા કરવામાં આવશે અને સાંજે ૫ વાગ્યે જગન્નાથ મંદિર(અમદાવાદ)ના મહંત શ્રી દિલિપદાસજી,બજરંગ આશ્રમના શ્રી છાયાદાસ બાપુ અને મુખ્ય આતિથ્યમાં ભગવાન મહાકાલની વિશેષ કોટી - તિર્થોના પાણીથી અભિષેક કરવામાં આવશે.ત્યારબાદ પાલકી યાત્રા મંદિરના પ્રાંગણ માંથી શરૂ થઈને નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થતી રાત્રે ૧૦ વાગ્યા સુધી ફરીથી મંદિરે પહોંચીને સંપૂર્ણ થશે.સંતશ્રી ગગન બાપુજીએ અમદાવાદ ના નગરવાસીઓ ને મહારાજાધિરાજ ભગવાન મહાકાલ ની પાલકી યાત્રામાં દર્શન લાભ લેવા અને પાલકીમાં જોડાવા માટે નિવેદન કર્યું છે.

## રોહીત શેટ્ટી ખતરોં કે ખીલાડી પર પોતાના બાળપણના દિવસોનું સંસ્મરણ કરે છે



કલર્સનું ખતરોં કે ખીલાડી પોતાની સીમાઓ વટાવી મુશ્કેલમાં મુશ્કેલ સ્ટંટસ કરવાનો પ્રયાસ કરવાના પ્રતીસ્પર્ધીઓની ક્ષમતાઓની ચકાસણી કરીને તરંગો સર્જી રહેલ છે. શોનો આવી રહેલ એપીસોડ બોલીવુડના પ્રતીકાત્મક હીરોઝ પર પ્રકાશ પાડશે. કેમ કે પ્રતીસ્પર્ધીઓ કેટલાક જાણીતા ફિલ્મી સ્ટંટસ કરે છે. સ્ટંટસના એકને પ્રસ્તુત કરતી વખતે હોસ્ટ રોહીત શેટ્ટી પોતાના બાળપણના દિવસો અને દંતકથા સમા અભિનેતા અમીતાભ સાથે થયેલ પોતાના સામનાનું સંસ્મરણ કરતાં જોવા મળશે. કેવી રીતે પોતાના પિતા, શુટસ માટેના વિખ્યાત સ્ટંટ ડાયરેકટર એમ.બી.શેટ્ટીની સાથેપોતે જતાં તે પહેલાં રોહીત એક બનાવ યાદ કરશે. જ્યારે પોતે અમીતાભની કુશળતાથી પોતે વિસ્મીત થઈ ગયા હતા. પોતે કેવી રીતે આશ્ચર્યચકીત થઈ ગયા હતા જ્યારે એમના પીતા ડાયરેકટ કરી રહ્યા હતા ત્યારે એકશન સીકવન્સમાંની એક દરમ્યાન શ્રી બચ્ચને એકલે હાથે તમામ સ્ટંટસને પછાડ આપી હતી. એક ઉત્સુક હોવાના લીધે એમણે પોતાના પિતાને પુછયું કે કેવી રીતે બચ્ચન તમામ સ્ટંટમેનને પછાડ આપી શકયા. જેનો એમના પિતાએ એક જવાબ આપ્યો કે આ એટલા માટે કે બચ્ચન સાચા હીરો છે. આપણને આશ્ચર્ય થાય છે ને કે બચ્ચન કોઈક રીતે રોહીત શેટ્ટી જે સ્ટંટસ તૈયાર કરે છે તેની પાછળની પ્રેરણા છે ?ખતરોં કે ખીલાડી પાવર્ડ બાય જીપ કમ્પાસ દર શની-રવિવારે રાત્રે ૯ કલાકે દર્શાવાશે ફકત કલર્સ પર.

## સી.બી.એસ.ઈ. દ્વારા NEET 2017 પરીક્ષા નિષ્પક્ષ અને પારદર્શક રીતે હાથ ધરાઈ




સી.બી.એસ.ઈ. દ્વારા અંગ્રેજી/હિન્દીમાં ૦૭/૦૫/૨૦૧૭ ના રોજ એમ.બી.બી.એસ / બી.ડી. એસ.ના સમગ્ર ભારતમાં પ્રવેશદ્વાર માટે સર્વાધિક સંચાલન કરવામાં આવે છે અને સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ ૦૮ વર્ણાક્યુલર ભાષાઓ છે.સીબીએસઈએ એગ્રેજી / હિન્દી અને ૦૮ ભાષાના વર્ણાક્યુલર ભાષાઓના પેપરો સમાન હતા. સીબીએસઈએ ખૂબ જ નિષ્પક્ષ અને પારદર્શક રીતે NEET 2017 પરીક્ષા હાથ ધરી તમામ પ્રશ્નપત્રોની મુશ્કેલીઓનો સ્તર સમાન છે અને કોઈ પણ વિધાર્થીને અન્યાય કરવામાં આવ્યો નથી.જુદા જુદા હાઈકોર્ટમાં દાખલ કરેલી પિટિશનમાં વિરોધાભાસ છે તમિળનાડુના પિટિશનરો દાવો કરે છે કે અંગ્રેજી પ્રશ્નપત્રો હાર્ડ છે અને તમિલ ( પ્રાદેશિક) પ્રશ્નપત્રો સરળ છે, જ્યારે ગુજરાત પિટીશનર્સમાં અંગ્રેજી પ્રશ્નપત્રો સરળ અને ગુજરાતી (પ્રાદેશિક) પ્રશ્નપત્રો મુશ્કેલ છે.જ્યારે બધા ૦૮ વર્ણાક્યુલર ભાષાના પ્રશ્નપત્રો સમાન હતા,તે એક જ જગ્યાએ અને અન્ય જગ્યાએ સરળ ન હોઈ શકે.તે સ્પષ્ટપણે સ્પષ્ટ છે કે અમુક વ્યક્તિઓ તેમની જરૂરિયાતો પ્રમાણે પરિસ્થિતિનો અયોગ્ય લાભ લેવાનો પ્રયાસ કરી રહયાં છે.જો કે,અલગ મેરિટ લિસ્ટની માંગ ભારતના સર્વોચ્ચ અદાલત દ્વારા ૧૦.૦૮.૨૦૧૭ના તેમના મૌખિક ઓર્ડર દ્વારા નકારવામાં આવી છે. NEETઅમલમાં મૂક્યા પછી,ગુજરાત સરકારે NEET ની તૈયારી માટે પૂરક પુસ્તકો જારી કર્યા છે અને તેઓએ તમામ હિસ્સેદારોને જાણ કરી હતી કે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન મુજબ એમ.બી.બી.એસ / બી.ડી.નો કોર્સ એનઈઈટી સ્કોર્સના આધારે હશે.જો કે, દ્વઈઈ તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે,કેટલાક માતાપિતાએ સુપ્રીમ કોર્ટના આદેશમાં ઉલ્લંઘન કરતી કોઈ એનઈઈટી માટે ચળવળ શરૂ કરી.તેઓએ વિવિધ ધારાઓ યોજયા હતા અને બાળકોને અભ્યાસથી ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને તેથી આવા માતા-પિતાના બાળકોને સહન કરવું પડયું છે અને હવે તેઓ અલગ અલગ ગુણવત્તાની માગણી કરી રહયા છે.તેથી અલગ મેરિટ લિસ્ટની તેમની માંગ અત્યંત અનૈતિક છે.

### ધાનેરામાં પૂર ...

પાના નં.૧ ચાલુ

અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડ્યો હતો જ્યાં ફરજ પરના તબીબ ધ્વરા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે પાલનપુર રીફર કર્યો હતોપૂરગ્રસ્ત લોકો ને સરકાર વહારે આવે અને વધુ જાનહાની સર્જાય તે પહેલા સરકાર કૈક કાર્યવાહી કરે અને પૂરપીડિતો ને બચાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે

### થરાદના ખાનપુરની...

પાના નં.૧ ચાલુ

તેમને સારવાર માટે થરાદ લવાઇ હોવાનું તેમના પરિવારજનોએ જણાવતાં ગામમાં સ્વાઇનફલુ જેવી બીમારીના પગપેસારા થતાં આરોગ્યવિભાગ દ્વારા નક્કર પગલાં ભરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામીછે.જોકે આ અંગે થરાદના બ્લોકહેલ્થ ઓફીસરનો ટેલીફોનીક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો.પણ તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.ખાનપુર ગામમાં મહીલાના મોતથી પંથક અને ગામમાં ફફડાટની લાગણી ફેલાવા પામી હતી.

### પાલનપુર...

પાના નં.૧ ચાલુ

એડવોકેટ ભાવેશ રાવલ, અંકિતા ઠાકોર અને પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ સહિતના કૉંગી અગ્રણીઓની આગેવાની તળે પીડિતોએ હલ્લાબોલ કરતા તંત્ર દ્વારા સહાયની ખાતરી નહીં અપાય ત્યાં સુધી ધરણાં પરથી નહીં ઊઠવાની ચીમકી ઉચ્ચારતા તંત્ર પણ મુંઝવણમાં મુકાઈ ગયું હતું. અંતે મોડી સાંજે પાલનપુર પ્રાંત ઓફિસર પટેલએ આવીને તાકીદે સર્વે ટીમોને બોલાવી ૩ દિવસમાં તમામ રજીઓનો નિકાલ કરવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

### પાંચ વર્ષથી...

પાના નં.૩ ચાલુ

અને જયઘોષ સાથે ભવ્ય સ્વાગત પણ કરવામાં આવ્યું હતું.મીરાબાઇને સાથે જોડાયેલા વિરોલના સેવક હરજીભાઇએ જણાવ્યું હતુંકે મીરાંબાઈની ઉંમર ૩૨ વર્ષની છે.તે રોજનું બે કીમી અંતર કાપે છે અને બે વખત દંડવત તથા એક વખત એટલીજ જમીન પગલાં ભરીને એક વખત માપીને આગળ ચાલે છે.તેમણે બાર વર્ષથી અનાજ ખાધુ નથી અને માત્ર સીંગોડાની રોટલી અને દહી એક ટાઇમ જમે છે.રોડ પર સંધ્યા ટાઇમે આરતી કરેછે.

વધુમાં તેમણે જણાવ્યું હતુંકે મીરાંબાઇએ છેલ્લા બાર વર્ષથી અવિરત દંડવતયાત્રા કરી રહીછે.તેણીએ અત્યાર સુધીમાં ચાર વખત ટાંકથી રામદેવરાની ૪૫૦૦ કીમીની દંડવતયાત્રા કરી છે.દ્વારીકા જતાં રસ્તામાં રાજસ્થાન અને ગુજરાતમાં અનેક પરચાઓ પણ આપ્યા છે.રવિવારે મીરાંબાઇ દંડવતયાત્રામાં જે શ્રીફળ રાખે છે તે રોડ પર ઘસાઇ જવાના કારણે વધેરાઇ જતાં તેમાંથી ઘી નિકળ્યું હતું.જેને અનેક લોકોએ પ્રત્યક્ષ જોયું હતું.લોકો કળીયુગમાં મીરાંબાઈની કૃષ્ણભક્તિને મનોમન અને પ્રત્યક્ષ વંદન કરી રહ્યા છે.પાંચ વર્ષથી દ્રારિકાના નાથને મળવા નિકળતાં હજુ ૧૪૦૦ કીમીનું અંતર કાપી ચુકીછે અને થરાદથી લગભગ હજુ પણ ૬૦૦ કીમી દુર છે.

### વડાવળમાં પુરગ્રસ્તોને...

પાના નં.૩ ચાલુ

ગામમાં કેટલાક લોકો પ્રત્યે દુરાગ્રહ રાખી સર્વે કરવામાં ન આવતા સરકારના લાભથી વંચિત રાખવામાં આવી રહ્યા છે જેથી ભેદભાવની નીતી ઉજાગર થયેલ છે.જે બાબતે ગ્રામજનો દ્વારા સરપંચ સાથે વિગતવાર રજૂઆત કરવા છતાં સરપંચ દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન મળતા તેની ઉચ્ચસ્તરે રજૂઆત કરવામાં આવી રહી છે.વધુમાં ગ્રામજનો દ્વારા જમીન ધોવાણ, પાક ધોવાણનુ સર્વે પણ એકજ જગ્યાએ બેસીને ખોટી રીતે કરાવેલ છે તેવા આક્ષેપો સાથે તેમાં વ્હાલા દવાલાની નીતિ અપનાવી મોટું કૌભાંડ થાય તેવી શક્યતાઓના પગલે ખાતાકીય કામગીરી કચેરી મારફતે થાય તેવી પણ ગ્રામજનો દ્વારા ઉચ્ચ સ્તરે રજૂઆતો કરવામાં આવી છે. આ ઉપરાંત કેશડોલ્સથી વંચિત ગ્રામજનોને કેશડોલ્સની ચુકવણી થાય અને યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ગ્રામપંચાયતના સભ્યોની પણ અવગણના થતી હોવાનું બહાર આવ્યું છે જેના પગલે ગ્રામપંચાયતના બે સભ્યો પણ પોતાનો વિરોધ નોધાવ્યો છે.જેમાં સામાજિક ન્યાય સમિતિના ચેરમેનનો પણ સમાવેશ થાય છે ગામલોકોમાં ચર્ચાતી વાતો મુજબ અન્ય સભ્યો પણ અનફેવર કરી રહ્યા છે ત્યારે આગામી સમયમાં વડાવળ ગ્રામપંચાયતમાં પુરગ્રસ્ત વિસ્તારોમાં પુરતી સહાય ન મળી હોવાની રજૂઆત કેવો રંગ લાવે છે.? તે જોવાનું રહ્યું છે ત્યારે બાબતે જિલ્લા કલેક્ટર અને ડી.ડી.ઓ દ્વારા તપાસ હાથ ધરી અસરગ્રસ્તોને ન્યાય અપાવવામાં આવે તેવી ગામજનોની માંગ પ્રવર્તી રહી છે.

### થરાદના મિયાલમાં...

પાના નં.૩ ચાલુ

મિયાલના દલિત કનાભાઇ એ આ બનાવથી થરાદ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ચારેય સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.ફરીયાદમાં ઉપરોક્ત ચારેય શખ્સો ગામના પટેલો પાસેથી બળજબરી પુર્વક એટ્રોસીટીની ધમકી આપીને દર વર્ષે પૈસા પડાવતા હોવાની પણ રજુઆત કરવામાં આવી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.પોલીસે ચાર સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ડીસાની નવા ...

પાના નં.૮ ચાલુ

પણ આપવામાં આવી હતી પરંતુ વિધાર્થીનીએ તેના પરિવારજનોને જાણ કરતા ડીસા તાલુકા પીલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જો કે ફરિયાદ બાદ આચાર્ય ફરાર થઇ ગયેલ ત્યારે ગ્રામજનો દ્વારા આ આચાર્યની ધરપકડ અને કડક સજા નહિ થાય ત્યાં સુધી શાળાને તાળા બંધી કરી વિરોધ કરેલ. ગ્રામજનોએ આચાર્યને ઝડપવા અને કડક સજા બાદ શાળામાં વિધાર્થીઓને મુકશે તેવું જણાવ્યું હતું..

જોકે શાળાને તાળાબંધી કરતા શાળામાં આવતા ૧૭ શિક્ષિકો શાળાની બહાર ઉભા રહેવું પડયું હતું અને આ બાબતે તાલુકા શિક્ષણ અધિકારીને જાણ કરી હોવાનું અને આ કરેલ કૃત્યને ખુદ શાળાના શિક્ષ-કોએ વખોડી કાઢ્યું હતું.

### રાધનપુરમાં રેફરલ ...

પાના નં.૮ ચાલુ

અત્યાધુનિક રેફરલ હોસ્પિટલમાં પ્રવેશ કરવા માટે દર્દીઓ, તબીબો અને હોસ્પિટલના સ્ટાફને ઢીંચણ સમા પાણીમાં થઈને જવું પડે છે. વરસાદ રોકાયાને પંદર દિવસ કરતાં વધુ સમય થયો હોવા છતાં રેફરલ હોસ્પિટલના પ્રવેશદ્વાર આગળથી પાણીનો નિકાલ થયો નથી. હવે આ પાણીમાં દુર્ગંધ મારવા લાગી છે અને ચાર કરોડની રેફરલ હોસ્પિટલના પટાંગણમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. ત્યારે તંત્રએ તત્કાલિક ધોરણે આ પાણીનો નિકાલ કરવો જોઈએ.

### ઘાણા ગામે ઘાસની...

પાના નં.૮ ચાલુ

આ ગાડી આદિ જતા ગાડી માં આગ ભભૂકી ઉઠી હતી અને લોકો માં ભારે દોડધામ મચી જવા પામી હતી ત્યારે ગામના સરપંચ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ગામમાંથી પાણીનું ટેન્કર બોલાવી આગ પર પાણી નો મારો ચાલુ કર્યો હતો અને થોડા સમય માં આગ કાબુમાં આવી જતા ગામલોકોએ રાહત નો શ્વાસ લીધો હતો.

### બનાસકાંઠાના ૭...

પાના નં.૮ ચાલુ

જાણવા મળે છે કે તૂટેલ કેનાલ પૂરેપૂરી રીપેર થતાં બે માસ જેટલો સમય થશે તેવુ કહેવાય છે. જેના કારણે જિલ્લાના અનેક ગામે ઉપર પાણીનું સંકટ તોળાઈ રહ્યું છે અને પાણીનો પ્રશ્ન વિકટ બને તેવી દહેશત ઉભી થઈ રહી છે. આ તકનો લાભ મીનરલ વોટર નામે વેચાતા પાણીના ભાવો મીનરલ પ્લાન્ટવાળાઓએ ડબલ કરી દઈ લોકોને છેતરી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. મીનરલ વોટર નામે ખરાબ પાણી અપાઈ રહ્યું છે. જિલ્લા કલેક્ટર દ્વારા આવા ઈસમો સામે લાલ આંખ કરાય તેવી લોકમાંગ છે.

### થરાદમાં પુરગ્રસ્તોને ...

પાના નં.૮ ચાલુ

લોકોને પડેલું અશુદ્ધ પાણી પીવા માટે ફરજ પડી છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા કોઈ પણ જાતની વ્યવસ્થા કરવામાં આવી નથી. આથી ભયંકર બીમારી ભરડો લે તે પહેલાં તાત્કાલિક ધોરણે પડેલા પાણીનો તથા,મરેલા પશુઓનો નિકાલ કરવો,નર્મદા નહેર ચાલુ કરવી,ભારે માત્રામાં દવાનો છંટકાવ કરવો તથા બહારથી ડોક્ટરની ટીમો બોલાવી લોકોને મફતમાં નિદાન કરાવવાની રજુઆત કરી છે. પૂરગ્રસ્ત લોકોને કેશડોલ તથા ઘરવખરી આપવામાં હળાહળ અન્યાય થયો છે સાચા લાભાર્થી રહી ગયા હોય એમને ફરીથી સર્વે કરી કેશડોલ તથા ઘરવખરી આપવાની માંગ કરી હતી.જો ઉપરોક્ત માંગણીઓ તત્કાલીન પુર્ણ કરવામાં નહી આવે તો નાયબ કલેકટર કચેરી ખાતે ભૂખ હડતાળ ઉપર બેસવાની ચિમકી પણ આપી હતી.

### યુવતીનું અપહરણ...

પાના નં.૮ ચાલુ

ત્રણેયની ચૂંગાલમાંથી છૂટેલી યુવતીએ પરિવારને સમગ્ર હકિકત જણાવતાં યુવતી થરા પોલીસ સ્ટેશન પહોંચી હતી અને ત્રણેય સામે ગેંગરેપની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડીસા શહેર...

પાના નં.૮ ચાલુ

જે સી સી ટી વી કેમેરાથી માત્ર ગુન્હાઓની ઘટના જ નહીં પરંતુ કોઈ જાહેર માર્ગ પર ગંદકી કરશે તો તેને પણ દંડ ફટકારવામાં આવશે..પોણા બે કરોડ ના ખર્ચે લગાવવામાં આવેલા આ સીસીટીવી કેમેરા માં શહેર નો ૧૫ કિલોમીટર જેટલા વિસ્તાર પર બાજ નજર રાખી શકાશે ફેમ પાલિકા પ્રમુખે જણાવ્યું હતું.

### ગણપત યુનિ...

પાના નં.૮ ચાલુ

B.Tech-ICT નો સફળતાપૂર્વક અભ્યાસ પૂરો કર્યા બાદ દેશ - પરદેશમાં નોકરીની વિશાળ તકો રહેલી છે અને કોમ્પ્યુટર, આઈટી અને કૉમ્યુનિકેશન ક્ષેત્રની વિશ્વવિખ્યાત કંપનીઓ જેવી કે માઈક્રોસોફ્ટ, એમેઝોન, ડેલોઈટ, ક્વૉલકોમ, એડ્યરન્સ, લિંકડદિન, મોર્ગનસ્ટેન્લી અને સિસ્કો વગેરેમાં આસાનીથી સારા પેકેજ સાથે પ્લેસમેન્ટ - જોબ મળી શકે છે. વળી, આઈસીટી એન્જિનિયર્સ માટે નોકરીની તકો દર વર્ષે ત્રીસ ટકાના દરે વધી રહી છે. ગણપત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી કોર્સની વધારે વિગતો અને પ્રવેશ અંગેની માહિતી મળી શકે છે.

## કોંગી ચૂંટણીને લઇ આક્રમક મૂડમાં : મિટિંગોનો દોર જારી

અમદાવાદ

રાજયસભાની ચૂંટણી જીત્યા બાદ કોંગ્રેસમાં એક નવો ઉત્સાહ અને આશાનો સંચાર થયો હોય એમ લાગે છે. જેના કારણે ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ હવે આક્રમક મૂડમાં આવી ગયું છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ આજે દિલ્હીમાં મોવડીમંડળના રાષ્ટ્રીય નેતાઓ સાથે સતત ત્રીજા દિવસે બેઠકોનો દોર જારી રાખી ચૂંટણી લક્ષી મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરી હતી અને વ્યૂહરચના-રણનીતિની રૂપરેખા તૈયાર કરી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકી, પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયા સહિતના નેતાઓએ આજે કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત, એહમદ પટેલ સહિતના રાષ્ટ્રીય નેતાઓને મળી ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને લઈ મહત્વની રણનીતિ તૈયાર કરવાની કવાયત હાથ ધરી હતી. જેમાં ચૂંટણી દરમ્યાન પ્રજા સમક્ષ લઈ જવાના મુદ્દા, કોંગ્રેસ પક્ષના ચૂંટણી ટાણે શું નારા કે મુખ્ય સૂત્રો હશે તે, ચૂંટણી વખતે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓનો ગુજરાત પ્રવાસનો કાર્યક્રમ, સરકારના કયા મુદ્દે ઘેરવી સહિતના મુદ્દાઓ પરત્વે વિસ્તારપૂર્વકની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી દરમ્યાન પ્રચાર પ્રસાર વખતે જીએસટી અને નોટબંધી સહિતના મુદ્દા પર ભાજપ સરકારને ઘેરવામાં આવે અને તેની પર આ મુદ્દાઓને લઈ પ્રહાર કરવામાં આવે તેવી પણ તૈયારીઓ કરાઇ છે. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ કોંગ્રેસ ગંભીર અને સક્રિય છે. આજે ઉપરોકત મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરી રૂપરેખા નક્કી કરવામાં આવી છે. આગામી તા.૨૯મી ઓગસ્ટના રોજ સુરતમાં કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોના સન્માનના એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે, જયારે તા.૧ લી સપ્ટેમ્બરે કોંગ્રેસ દ્વારા પારડીનો સત્યાગ્રહ કાર્યક્રમ આપી આદિવાસીઓની વિશાળ રેલી યોજવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, રાહુલ ગાંધીને પણ અમે ગુ-જરાત આવવાનું આમંત્રણ આપ્યું છે. રાષ્ટ્રીય નેતાઓના ગુજરાત પ્રવાસના કાર્યક્રમનું પણ આયોજન કરાઇ રહ્યું છે.

## કોંગ્રેસ સંગઠનના માળખામાં ધરખમ ફેરફારની સંભાવના

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઇ ગુજરાત કોંગ્રેસના નેતાઓની દિલ્હીમાં હાઇ કમાન્ડના નેતાઓ સાથે સતત ત્રણ દિવસ સુધી લાંબી બેઠકોના દોર ચાલ્યા હતા, જેમાં ચૂંટણીલક્ષી કામગીરી, મુદ્દા અને રણનીતિ નક્કી થયા હતા, સાથે સાથે હવે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ માળખાના સંગઠનમાં ધરખમ ફેરફારો કરવાની ગતિવિધિ ચાલી રહી છે. આગામી દિવસોમાં ગુજરાત કોંગ્રેસના સંગઠન માળખામાં ધરખમ ફેરફારો કરાશે તે નક્કી છે. ખાસ કરીને ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીનું કદ ઘટાડાય તેવી પણ શકતયાઓ સેવાઇ રહી છે. તો, દિલ્હી હાઇકમાન્ડ દ્વારા ગુજરાતમાં ચાર ઝોનમાં કાર્યકારી પ્રમુખોની નિયુક્તિ કરાય તેવી પણ અટકળો તેજ બની છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ સંગઠન અને માળખામાં ફેરફારની કવાયત છેલ્લા એક વર્ષથી વિલંબિત થઇ રહી છે પરંતુ હવે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી જતાં ગમે તે રીતે તેની પ્રક્રિયા પૂર્ણ કરવી પડે તેમ હોઇ ગુજરાત કોંગ્રેસ સહિત દિલ્હી હાઇકમાન્ડ દ્વારા આ સમગ્ર મામલાને પણ ગંભીરતાથી લેવામાં આવ્યો હતો. હાલ છેલ્લા ત્રણ દિવસથી દિલ્હીમાં ધામા નાંખીને બેઠેલા ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે કોંગ્રેસના રાહુલ ગાંધીથી માંડીને ટોચના રાષ્ટ્રીય નેતાઓએ ચર્ચા વિચારણા હાથ ધરી ગુજરાતની કોંગ્રેસની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને તાજી અને સાચી પરિસ્થિતિ સમજી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ પણ પક્ષના સંગઠન માળખામાં ફેરફારને અનિવાર્ય ગણાવ્યા હતા. જેને લઇ આગામી દિવસોમાં ગુજરાત કોંગ્રેસના માળખા અને સંગઠનમાં ધરખમ ફેરફારો કરવામાં આવશે. ખાસ કરીને ગુ-જરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની સત્તા અને કદમાં ઘટાડો કરાય તેવી સંભાવના સેવાઇ રહી છે, તો સાથે સાથે કોંગ્રેસના સંગઠન-માળખામાં આ વખતે પાટ-ીદાર ફેકટરને પ્રાધાન્યતા અપાય તેવી પણ પૂરી શકયતા છે. વળી, રાજયના ચાર ઝોન પ્રમાણે કાર્યકારી પ્રમુખોની નિયુકિતની પણ શકયતા પ્રવર્તી રહી છે. પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની કાર્યપધ્ધતિ અને તેમની નીતિને લઇ હાઇકમાન્ડ સુધી રજૂઆત થઇ હતી,જેને લઇ તેમની સત્તામાં કાપ મૂકાય તેવું બને. પરંતુ આ મામલે અગાઉ ખુદ કોંગ્રેસમાંથી છેડો ફાડનાર શંકરસિંહ વાઘેલાએ તો જાહેરમાં તેમનું વલણ સ્પષ્ટ કર્યું હતું અનેહાઇકમાન્ડ સુધી પ્રદેશ પ્રમુખને બદલવા સુધીની માંગણી કરી હતી.

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૯૦૦૦-૩૯૫૦૦** |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૫૦૦ |
| સોનુ તોલો | ૨૯૩૦૦-૨૯૭૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૨૦** |
| પામોલીન | ૮૮૫-૯૨૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૫૦૦-૧૫૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૬૦ |
| પલી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૫૮૦-૬૦૦ |
| લસણ | ૭૦૦-૮૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૧૨૦૦-૧૪૪૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૮૦૦૦-૧૦૦૦ |
| રીંગણ | ૬૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૧૦૦-૧૪૦૦ |
| ભીંડા | ૫૦૦-૭૦૦ |
| કોબી | ૨૮૦-૪૬૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦-૮૦૦ |
| **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| બાદશાહ બટાકા | ૨૦૦-૨૨૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૨૦૦-૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

## ભીલડીમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી



કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

"કૃષ્ણ યુવક મંડળ ભીલડી" દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી મંડળ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું અને શોભાયાત્રા ભીલડીના રાજમાર્ગો પર ફરી સાંજે પૂર્ણા હુતી કરવામાં આવી હતી. ભીલડીની જુદી - જુદી ગલીઓમાં મટકી બાંધી ગોવિંદાઓ દ્વારા મટકી ફોડ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભાવિક જનોએ ભાગ લીધો હતો.

## પિલુચામાં જન્માષ્ટમીની ઉલ્લાસભેર ઉજવણી



પ્રતિનિધિ પિલુચા

વડગામના પિલુચા ગામે શ્રાવણ વદ આઠમે પિલુચા ગામના દરેક યુવાનો દ્વારા શ્રીકૃષ્ણના જન્મનું પર્વ જન્માષ્ટમીની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. તેમજ ગામના નાના નાના ભૂલકાઓ દ્વારા કૃષ્ણ, રાધા, સુદામા, બલરામ જેવા વેશ ધારણ કરીને ડી.જે સાથે આખા ગામમાં વરઘોડો નિકાળવામાં આવ્યો હતો અને ગામ વચ્ચે મટકી ફોડીને જન્માષ્ટમી ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. ગામના દરેક ભાઈઓ- બહેનો વરઘોડામાં ભાગ લઈને અબીલ- ગુલાલ એકબીજા પર નાખીને જન્માષ્ટમીની મજા માણીને ''નંદ ઘેર આનંદ ભર્યો જય કનૈયા લાલકી '' નાદ સાથે ઝૂમી ઉઠ્યા હતા.

## પોકરણમાં સેવા કેમ્પ માટે થરાદનું ગૃપ રવાના



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદનું બાબારામદેવ મિત્ર મંડળ દરવર્ષે રાજસ્થાનના રણુંજા (પોકરણ) મુકામે પગપાળા યાત્રાળુઓ માટે સેવા કેંપ કરે છે.બુધવારે કેંપ માટે જરૂરી ચીજવસ્તુઓ સાથે થરાદથી જીપડાલામાં ભરાઈને મંડળ રવાના થયું હતું.થરાદથી પગપાળા જતા યાત્રાળુઓને પણ તેમની સેવાનો લાભલેવા કેમ્પના સંચાલકોએ હાર્દિક અનુરોધ કર્યો હતો.

## વિરાટે વિરાટ સિદ્ધિ મેળવીશ્રીલંકા સામે શ્રીલંકામાં બે ટેસ્ટ શ્રેણીને જીતી છે



કેપ્ટન તરીકે વિરાટ કોહલીએ એક વિરાટ સિદ્ધિ હાસલ કરી લીધી છે. આ ટેસ્ટ સિરિઝમાં જીતની સાથે જ કેપ્ટન તરીકે વિરાટ કોહલીએ હવે એવા પ્રથમ ભારતીય કેપ્ટન બની જવામાં સફળતા મેળવી છે જે કેપ્ટને શ્રીલંકાની સામે તેના જ મેદાન પર બે વખત ટેસ્ટ શ્રેણી જીતી છે. ભારતે આ પહેલા વર્ષ ૨૦૧૫માં વિરાટ કોહલીના નેતૃત્વમાં શ્રીલંકા સામે ૨-૧થી શ્રેણી જીતી હતી. કોહલી શ્રીલંકામાં ચાર ટેસ્ટ મેચ જીતનાર એકમાત્ર કેપ્ટન બની ગયો છે. ત્રણ ટેસ્ટ મેચ જીતવાના રિકી પોન્ટિંગના રેકોર્ડને વિરાટ કોહલીએ તોડી દીધો છે.

ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

### હેપ્પી બર્થ-ડે વિષ્ણુ



પિતા : ઠાકોર ભવાનજી
માતા: લાસુબેન ઠાકોર
કાકા : અનારજી ઠાકોર
ભાઈ : વિપુલ ઠાકોર, અકેશ ઠાકોર
જન્મ તારીખ :
૧૯-૦૮-૨૦૦૬
ઉ.વ.૧૧
સરનામું :રાણપુર આ.વાસ
તા.ડીસા જી.બ.કાં.

### જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ................................................

# રાધનપુરમાં તબીબ દ્વારા જન્મદિનની અનોખી ઉજવણી


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

આજના જમાનામાં જન્મદિન હોય એટલે તેની ધૂમધામપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ખોટા ખર્ચા કરીને પાર્ટીઓ આપવામાં આવે છે. કોઈ સારી હોટલમાં જમવા જવાનું અને પૈસા વેડફી દેવાના. પરંતુ રાધનપુરના આંખના સ્પેશ્યાલીસ્ટ તબીબ ડૉ.વિક્રમ દરજીએ જન્મદિને રક્તદાન કરીને અનોખી રીતે જન્મદિનની ઉજવણી કરી હતી. જેને લોકોએ ખુબ વખાણી હતી. રક્તદાનથી કોઈકનું જીવન ધન્ય બનશે તેના તેના જેવી બીજી ઉજવણી શું હોઈ શકે?

# લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સનાં વિદ્યાર્થીઓએ "શોર્ય ગીત" સ્પર્ધામાં મેળવેલ સફળતા મેળવી

પાટણ

દિનાંક ૧૬/૮/૨૦૧૭ ના રોજ "રોટરી ક્લબ ઓફ પાટણ" તથા "લાયન્સ ક્લબ ઓફ પાટણ" દ્વારા અલગ - અલગ રીતે શૌર્યગીત (દેશભક્તિ ગીત) સ્પર્ધા યોજાઈ ગઈ, તેમાં પાટણની જુદી - જુદી શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ દેશભક્તિગીત રજુ કર્યા. તેમાં લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના બાળકોએ લગભગ તમામ વિભાગોમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યા. જેમાં (૧) રોટરી ક્લબ ઓફ પાટણ - 'અ' વિભાગ ધો.૧ થી ૫ માં પારેખ પ્રકાશ સમ્યેકભાઈ પ્રથમ (૨) બ વિભાગમાં ધો. ૬ થી ૮ પટેલ મિત જીતેન્દ્રભાઈ - તૃતિય, (૩) ક વિભાગમાં ધો. ૯ થી ૧૨ નાયક શીલા અતુલભાઈ પ્રથમ (૪) લાયન્સ ક્લબ ઓફ પાટણ - અ' વિભાગ, ધો. ૧ થી ૫ ઠક્કર જોયલ ભાવેશભાઈ (અંગ્રેજી માધ્યમ) તૃતિય, તથા બ' વિભાગમાં ધો. ૬ થી ૮ પટેલ મિત જીતેન્દ્રભાઈ પ્રથમ તેમજ 'ક' વિભાગમાં ધો. ૯ થી ૧૨ નાયક શીખા અતુલભાઈ પ્રથમ સ્થાને ઉતીર્ણ થયેલ છે. ઉપરોક્ત તમામ બાળકોને સંગીત શિક્ષક નિરવભાઈ ગાંધી અને નિલભાઈ રાવલનું માર્ગદર્શન પ્રાપ્ત થયેલ. શાળાના તમામ વિભાગના પ્રિન્સીપાલ તથા ટ્રસ્ટી ગણ દ્વારા વિજેતા બાળકોને માર્ગદર્શક શિક્ષકોને બિરદાવવામાં આવેલ.

# ચાણસ્માના સુણસર ગામના સરપંચને ડીડીઓ દ્વારા હોદ્દા પરથી દૂર કરાયા

ચાણસ્મા

ચાણસ્માતાલુકાના સુણસર ગામના સરપંચને ડીડીઓ દ્વારા હોદ્દા પરથી દૂર કરાયા બાદ ઉપસરપંચને હોદ્દાનો ચાર્જ અપાય તે પહેલાં વડાવળીમાં તોફાન થતાં સરપંચ અને ઉપસરપંચની સંડોવણી બહાર આવતાં તેઓની અટકાયત કરાઇ હતી. જેઓ કાચા કામના કેદી તરીકે રહીને બહાર આવ્યા બાદ પણ હોદ્દાનો ચાર્જ ફરી અપાતાં ઉપસરપંચે ન્યાયતંત્રના દરવાજા ખખડાવવાની તજવીજ હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે સુણસર ગામના સરપંચ પદે ઝાલા બચુજી કલ્યાણજી ચાર વર્ષથી છે. તેઓને ગેરરીતી મામલે ગુજરાત પંચાયત અધિનીયમ હેઠળ પાટણના ડીડીઓ દ્વારા હોદ્દા પરથી સસ્પેન્ડ કરાયા હતા. જેની સામે મનાઇ હુકમ માટે અરજ કરાઇ હતી પણ અધિક વિકાસ કમિશ્નર દ્વારા તેને ગ્રાહ્ય રાખવામાં આવી નહોતી. દરમ્યાન વડાવળીમાં જુથઅથડામણ થતાં તેમાં સરપંચ બચુજી ઝાલા અને ઉપસરપંચ વાલજીજી માડજીજી ઝાલાની સંડોવણી બહાર આવતાં પોલીસે તેઓ બંનેની ધરપકડ કરી જેલમાં મોકલ્યા હતા. દરમ્યાન ગ્રામ પંચાયતના વહીવટદાર તરીકે મદદનીશ ટીડીઓની નિયુકતી કરાઇ હતી. દરમ્યાન તાજતેરમાં બંને સરપંચ ઉપસરપંચ જામીન પર મુક્ત થયા હતા.

# પ્રેમિકા અને 3 વર્ષના પુત્રને ઝેરી દવા પીવડાવી, પ્રેમીએ પણ દવા પીધી

મહેસાણા

લગ્નેતર પ્રેમસંબધો તોડનાર પ્રેમિકા અને તેના ૩ વર્ષના પુત્રન ધમકી આપી આદુંદરા કેનાલ પર લઇ જઇને બળજબરી પૂર્વક ઝેરી દવા પીવડાવનાર યુવાને જાતે દવા પી જઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ભાનમાં આવેલી આખજની મહિલાએ લાંઘણજ પોલીસ સ્ટેશનમાં પ્રેમી વિરૂધ્ધ ગુનો નોધાવતા તપાસ હાથ ધરાઇ છે.

મહેસાણા તાલુકાના આખજ ગામના જયેશભાઇ મનુભાઇ રાવળને ગામમાં રહેતી પરિણિતા કાજલબેન દિનેશભાઇ રાવળ સાથે પ્રેમસંબધો બંધાયા હતા પરંતુ બન્નેના લગ્નેતર સંબધો ચર્ચાનો મુદ્દો બનતા મહિલાએ આઠ મહિના પૂર્વે પ્રેમસંબધોનો અંત આણ્યો હતો.જેથી વ્યથિત જયેશ રાવળ ગત ૧૧ ઓગષ્ટના રોજ સવારે ૮.૩૦ કલાકે કાજલના ઘરે પહોચ્યો હતો અને તે આઠ મહિનાથી મારી સાથે પ્રેમસંબધો કેમ તોડ્યા,તારે મારી સાથે આવવુ પડશે તેમ કહી બોલાચાલી કરી હતી.

ત્યાર બાદ મહિલા અને તેના ૩ વર્ષના પુત્ર જીલને બળજબરી પૂર્વક રિક્ષામા બેસાડીને કડીના આદુદરા રોડ પર આવેલી કેનાલ પર લઇ ગયેલા જયેશે પ્રેમસંબધો રાખવાના મુદ્દે દબાણ કરી સાથે લાવેલી ઝેરી દવા મહિલા અને તેના પુત્રને પીવડાવતા જ તેઓ અર્ધબેભાન અવસ્થામા ઢળી પડ્યા હતા.પ્રેમીકા અને તેના પુત્રનું મોત થયુ હોવાનું માની જયેશે પણ દવા પી લીધી હતી. રહીશોની મદદથી ત્રણેને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

# વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાલનપુર | | જુવાર | ૭૫૫-૭૮૧ | મેથી | ૪૮૫-૫૩૫ |
| ઘઉં | ૩૦૭-૩૪ | ધાનેરા | | રજકો | ૨૬૮૧-૨૮૪૧ |
| એરંડા | ૮૭૮-૮૯૦ | ઘઉં | ૩૦૨ | વડગામ | |
| રાયડો | ૬૬૩-૬૬૬ | બાજરી | ૨૩૫-૨૭૨ | એરંડા | ૮૭૭-૮૮૩ |
| મગફળી | ૪૭૦-૮૧૮ | ગવાર | ૬૭૧-૬૯૧ | ગવાર | ૭૦૧ |
| રાજગરો | ૬૯૫-૮૨૮ | રાયડો | ૬૨૧-૬૬૦ | ઘઉં | ૩૧૨ |
| ગવાર | ૬૯૨-૭૧૦ | એરંડા | ૮૫૮-૮૭૫ | બાજરી | ૨૩૮-૨૫૮ |
| ઘઉં | ૩૦૪-૩૨૬ | ઈસ. | ૧૫૦૦-૧૯૩૫ | જુવાર | ૫૮૦-૭૮૫ |
| બાજરી | ૧૯૫-૨૬૫ | જીરૂ | ૩૨૮૦-૩૩૨૦ | | |

# હિંમતનગરમાં પાણીજન્ય રોગોને નાથવા આયુર્વેદ અમૃત પેય ઉકાળાનું વિતરણ

હિંમતનગર

રાજ્યના કેટલાક વિસ્તારોમાં સ્વાઈનફ્લુ, ચિકનગુનિયા તથા વિવિધ પાણીજન્ય રોગોનો ઉપદ્રવ વધેલ છે.જેની સામે રક્ષણ મેળવવા માટે અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય તે માટે હિંમતનગર પાલિકા અને જિલ્લા પંચાયત, આયુર્વેદ શાળા હિમતનગર તાલુકા, આયુર્વેદ-હોમિયોપેથી દવાખાના સંયુક્ત ઉપક્રમે પંચ દિવસીય અને પંચ સ્થલિય આયુર્વેદ અમૃતપેય ઉકાળા કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરેલ છે.

શહેરના સિવિલ સર્કલ, મહાવીર નગર ચાર રસ્તા, મોતીપુરા, લાયન્સ ગાર્ડન, ન્યાયમંદિર તથા અશોક વાટીકા-છાપરીયા ખાતે કેમ્પ તા.૧૪/૮/૨૦૧૭ થી ૧૮/૮/૨૦૧૭ સુધી સવારે ૭ થી ૯ સુધી ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ છે જેનો નગરજનોને લાભ લેવા જણાવાયું છે.

સદર અમૃતપેય ઉકાળો આયુર્વેદ ડો.હીનલ વરસાત તથા અન્ય અનુભવી આયુર્વેદિક તજજ્ઞોની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ પાલિકા પ્રમુખ નિલાબેન પટેલ, ચીફ ઓફીસર પાંચાભાઈ માળીના સક્રિય યોગદાન અને આયોજન દ્વારા કરવામાં આવેલ.

કેમ્પનું સંચાલન જગદીશભાઈ વ્યાસ તથા ડો. દેવેન્દ્રભાઈ સુતરીયાએ કર્યું છે.

# સમી અને ચાણસ્મા તાલુકાના ગામડાઓમાં પાણીજન્ય રોગોને અટકાવવા આરોગ્ય કેમ્પ યોજાશે

ચાણસ્મા

સામાજિક ક્ષેત્રે અગ્રેસર રહી ઉત્તમ કામગીરી કરતી સંસ્થા શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણ દ્વારા વિવિધ પ્રકારના સામાજિક કાર્યક્રમો કરવામાં આવે છે.જે અંતર્ગત તાજેતરના અતિવૃષ્ટિની કારમી થપાટના ભોગ બનેલ સમી તાલુકાના બાબરી, ચાંદરણી, અને રામપુરા તથા રાધનપુર તાલુકાના સાંથલી, જાવંત્રી, પાણવી, લીમ્બડકા, તથા સાંતલપુર તાલુકાના મીઠીધારીયાલ ગામે શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણ દ્વારા પોતાની નૈતિક ફરજના ભાગરૂપે પાણીજન્ય રોગચાળાનો ફેલાવો ન થાય અને મચ્છરોનો ઉપદ્રવ ન વધે તે માટે સંસ્થાએ પોતાના સ્વખર્ચે દવાઓનો છંટકાવ ચાલુ કરેલ છે.આ તાલુકાના ગામોમાં સંસ્થા દ્વારા સ્વખર્ચે જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ જરૂર જણાય તે ગામોમાં આરોગ્ય કેમ્પ પણ કરશે તેમ સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# રાધનપુરની કોલેજમાં અભિનયનાં ઓજસ પથરાયા


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રિન્સીપાલ ડૉ.સી.એન. ઠક્કરના માર્ગદર્શન હેઠળ સપ્તધારા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ.ભરતભાઈ કાનાબારે આંગિક અભિનય અને વાચિક અભિનય વચ્ચેનો ભેદ સમજાવી હિન્દી સિરીયલો અને ફિલ્મોમાં ગુજરાતી કલાકારોના વધી રહેલા પ્રભુત્વની નવયુવાનોમાં અભિનય કલા પ્રત્યે વધેલા ક્રેઝની પ્રશંસા કરી અભિનયક્ષેત્રમાં આગળ વધવા માટે ભાર મુક્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના અભિનયો રજૂ કર્યા હતા. જેમાં આજના યુવાનોની દિશા અને દશા ગરીબ બાપની વેદના, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, શાકભાજીવાળી તેમજ આતંકવાદીની બહેનના જોમદાર અભિનયો મહત્વના હતા. આ સાથે ગાંધીજીના વિચારોની અવગણના કરતા આજના સમાજનું માઈમ રજૂ થયુ હતું. જેમાં પ્રથમ સ્થાને કલ્યાણ દેસાઈ, બીજા સ્થાને નિશા ઠક્કર અને ત્રીજા સ્થાને રાધિકા ઝંડાવાલા વિજેતા બન્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ.ભરતભાઈ કાનાબાર અને ડૉ.રમેશભાઈ પરમારે સેવા આપી હતી. જ્યારે રંજનબેન ગોહિલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# હિંમતનગરની યુવતી સાથે ઠગાઈ આચરનાર શખ્સ નોઈડામાંથી ઝબ્બે

હિંમતનગર

હિંમતનગરની યુવતી સાથે નેટબેંકીંગથી ઠગાઈ કરનાર નોઈડાનો ઈસમ ઝડપાયો છે. અને તેની પાસેથી પોલીસ વોકીફોન અને રોકડ કબજે કરેલ છે.

જાણવા મુજબ હિંમતનગર ખાતે રહેતા દિપીકાબેન વિષ્ણુ દત્ત શર્માને કોઈ અજાણ્યા શખ્સોએ અલગ અલગ નંબરો પરથી ફોન કરી ઓનલાઈન શોપીંગની શોપ ક્લુઝ અને હોમકાર્ટ નામની કંપનીમાં કામ કરતા હોવાનું જણાવી તેમનો આધાર નંબર અને જન્મ તારીખ મેળવી તેની કંપનીમાંથી ઓનલાઈન ખરીદી કરવાથી કંપની તરફથી ગિફ્ટ મળશે. તેવો વિશ્વાસ આવ્યો હતો. ત્યારબાદ ફોન કરનાર શખ્સોએ દિપીકાબેન પાસે તેમની કંપનીમાંથી ઓનલાઈન રૂા. ૩૬૧૦ ની ખરીદી કરાવી ખરીદ કરેલ વસ્તુઓ આપી ન હતી. તેમજ કંપનીમાંથી રૂા. ૫.૫૦ લાખનું ઈનામ લાગ્યાનું જણાવી તે ઈનામની રકમ તેમના ખાતામાં જમા કરાવવા લીંકઅપ ચાર્જ, સર્વિસ ટેક્સ, તથા એન.ઓ.સી. ચાર્જ પેટે અલગ અલગ તારીખે રૂા. ૭૦,૭૦૦ હોમકાર્ટ કંપનીના ખાતામાં નેટબેંકીંગથી ભરાવી કુલ રૂા. ૭૪૩૧૦ ની છેતરપીંડી આચરી હતી. જેથી દિપીકાબેન શર્માએ છેતરપીંડીના મામલે ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી એસ.ઓ.જી.ના પી.આઈ. વી.આર ચાવડાને તપાસનો દોર સોંપ્યો હતો. અને મોબાઈલ ટેકનોલોજીથી અભ્યાસ કરતાં ગાંભોઈમાં સાઈબર ક્રાઈમની ઘટનાને અંજામ આપનાર શખ્સો દિલ્હી- નોઈડા વિસ્તારમાં ધ્યાનમાં આવતા એસ.ઓ.જી.ની ટીમે નોઈડામાંથી ઠગાઈ આચરનાર અજય રામકુમાર સિંઘને ઝડપી પોલીસ ટીમ હિંમતનગર લઈ આવી છે.

# મહેસાણા સિવિલમાં ઓક્સિજન મશીન સળગ્યું: ૭ બાળકોના જીવ બચાવાયાં

મહેસાણા

મહેસાણા સિવિલ હોસ્પિટલના પ્રથમ મજલે આવેલા શિશુવોર્ડ (સ્પેશિયલ ન્યૂ બોર્ન કેર યુનિટ)માં મંગળવારે સવારે ઓક્સિજન કોન્સેટેટર મશીન સ્પાર્ક સાથે સળગી ઊઠતાં રૂમમાં ધુમાડાના ગોટેગોટા વચ્ચે પેટીમાં રખાયેલાં ૭ બાળશિશુનાં જીવ જોખમમાં મૂકાયાં હતાં. પરંતુ ફરજ પર હાજર ૨ નર્સ, ૨ આયાબહેનો અને સિક્યુરિટી મહિલાએ એકપળનો પણ વિચાર કર્યા વિના રૂમમાં દોડી જઇ પોતાની સાડીઓમાં ૭ બાળકોને લપેટી બહાર લઇ આવતાં હાજર તમામે હાશકારો અનુભવ્યો હતો. સિવિલ સત્તાધિશોના કહેવા મુજબ, ઘટના માટે વીજકંપની જવાબદાર છે. વોલ્ટેજ વધી જતાં ઘટના બની છે. નોંધનીય છે કે, ૧૫મી ઓગસ્ટને કારણે સ્ટાફ ધ્વજવંદન કાર્યક્રમમાં આવેલો હોઇ મોટી હોનારત ટળી હતી. સિવિલના પ્રથમ માળે પ્રસૂતિ વોર્ડમાં પ્રવેશતાં જ એસએનસીયુ રૂમ આવે છે, જ્યાં જન્મથી ઓછું વજન ધરાવતા કે અસ્વસ્થ બાળકોને પેટીમાં રાખી સારવાર કરાય છે. મંગળવારે ૧૫મી ઓગસ્ટે સિવિલ સ્ટાફ ધ્વજ વંદન કાર્યક્રમ પૂર્ણ કરી સવારે ૯-૩૦ કલાકે સિવિલમાં પરત ફર્યાના ગણતરીના સમયમાં એસએનસીયુ રૂમમાં ઓક્સિજન કોન્સેટેટર મશીનમાં એકાએક વોલ્ટેજ વધતાં સ્પાર્ક સાથે જ ધુમાડાના ગોટેગોટા રૂમમાં પ્રસરી ગયા હતા. બંધ દરવાજામાંથી ધુમાડો બહાર આવતો જોઇ ફરજ પર હાજર નર્સ, આયાબહેન અને મહિલા સિક્યુરિટી રૂમમાં દોડી જઇ પેટીમાં રાખેલા ૭ બાળકોને પોતાની સાડીઓમાં લપેટી બહાર લઇ આવી હતી. જેને પગલે અહીં હાજર બાળકોની માતાઓની આંખો આંસુથી છલકાઇ ઉઠી હતી. આ ઘટનાને પગલે સિવિલ સત્તાધીશોએ બાળકો તેમના વાલીઓને સોંપ્યા હતા અને બુધવારે સમારકામ બાદ રાબેતા મુજબ બાળકોને પુનઃ સારવાર માટે અહીં રખાયા હતા.

# સ્વાઈન ફ્લુ એટલે શું તેના લક્ષણો અને ઉપાયો સલામતી અને તકેદારી

મહેસાણા

એચવનએનવન (સ્વાઈન) ફ્લૂ આખરે શું છે ? એચવનએનવન (H1N1) એક નવો વાયરસ છે જેના કારણે લોકો બીમારીનો ભોગ બને છે. હકીકતમાં આ વાયરસના લક્ષણો એપ્રિલ- ૨૦૦૯ માં યુ.એસમાં મળી આવ્યાં હતાં. અન્ય શહેરો જેવા કે, મેક્સિકો અને કેનેડામાં પણ આ વાઈરસના કારણે અસંખ્ય લોકો તાવમાં સપડાયાં હતાં.

આ એક વાયરસ છે જેનો ચેપ લાગવાથી તે અત્યંત ઝડપી રીતે એક વ્યક્તિમાંથી બીજા વ્યક્તિમાં પ્રવેશી જાય છે.

માર્ચ-૨૦૦૯ ના અંતમાં અને એપ્રિલ માસની શરૂઆતમાં સ્વાઈન ફ્લૂ ઈફ્લુએન્ઝાએ (H1N1) દક્ષિણ કેલિફોર્નિયા અને સેંટ એન્ટોનિયો (ટેક્સાસ) માં પ્રવેશ કર્યો. શરૂઆતી તબક્કામાં એ જાણવું ખુબ જ મુશ્કેલ રહ્યું કે, વ્યક્તિ આ વાયરસનો ભોગ બન્યો છે. બધા એવું જ માનતા આ તો સામાન્ય તાવના લક્ષણો છે પરંતુ જ્યારે આ તાવ લાંબા સમય સુધી તેમના શરીરમાંથી ન નિકળ્યો ત્યારે તેઓને તેની ગંભીરતા સમજાઈ. આ વાયરસે ૬૫ વર્ષથી વધુ વયના લોકોને, પાંચ વર્ષની નીચેની ઉમરના બાળકોને,સગર્ભા સ્ત્રીઓને પોતાના નિશાને લીધા. આ વાયરસ તાવના વાયરસને બિલકુલ મળતો આવે છે. અહીં પણ દરદી સામાન્ય તાવ, કફ, ગળામાં ખરાશ, શરીરમાં તોડ, માથાનો દુખાવો અનુભવે છે. એચવનએનવનના કારણે કેટલાક લોકોને આ વાયરસના કારણે ઝાડા-ઉલ્ટી અને ન્યૂમોનિયા પણ થઈ જાય છે.

બાળકોમાં જો નીચે મુજબના લક્ષણો જેવા કે ઝડપથી શ્વાસ લેવો અથવા શ્વાસ લેવામાં પરેશાની, વારંવાર ઉલ્ટી થવી, ચાલી ન શકવું, ક્રિયાપ્રતિક્રિયા ન આપવી, મુંઝવણ અને વારંવાર રડવું , તાવ અને શરદીનો ભોગ બનવું, પૂરતું પ્રવાહી ન પીવું આ પ્રકારના તમામ લક્ષણોમાં તુંરંત નજીકના દવાખાનાનો સંપર્ક કરવા જણાવાયું છે. એચવનએનવન (સ્વાઈન) ફ્લૂ વાયરસ મુખ્યત્વે સીઝનલ ફ્લૂના વાયરસને મળતો આવે છે. આપણે જાણીએ છીએ કે, મોસમી તાવ શરદી-ઉધરસના થકી એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. કેટલીક વખત આ વાયસરથી ગ્રસિત કોઈ વ્યક્તિનું મોઢુ, નાક કે શરીરના અન્ય અંગોને સ્પર્શવાથી પણ સામેવાળી વ્યક્તિને તેનો ચેપ લાગે છે.

સ્વાઇન ફ્લુ અગમચેતી-

જ્યારે પણ ઉધરસ અથવા શરદી આવે ત્યારે આપનું મોઢુ અને નાક ટિસ્યૂ પેપર વડે ઢાકી દો. બાદમાં તેને ફેંકી દો. શરદી-ઉધરસ બાદ આપના હાથ ગરમ પાણી અને સાબુ વડે ધોવાનું ન ભૂલશો. આલ્કોહોલ ધરાવતા હેન્ડ ક્લિનર વધુ ફાયદાકારક રહેશે. બની શકે તો તમારી આંખ, નાક અને મોઢાને સ્પર્શવાનું ટાળો કારણ કે કિટાણુંઓ આ માર્ગેથી જ ફેલાય શકે છે.

જો તમે બીમાર હોય તો ઘરમાં રહો અને બહાર જવાનુ ટાળો. ઓફિસે અને સ્કૂલો જવાની બિલકુલ પણ જરૂરિયાત નથી કારણ કે, તમારા બહાર જવાથી અન્ય લોકોમાં પણ આ વાયરસ ફેલાવાની ભીતિ રહેશે.

તમે ખુદ ક્યારેય પણ નહીં જાણી શકો કે, તમે સ્વાઈન ફ્લૂથી ગ્રસિત છો, કારણ કે, અગાઉ જણાવ્યા મુજબ સ્વાઈન ફ્લૂના દરદીમાં પણ એ જ ચિન્હો જોવા મળે છે જે મોસમી તાવના દરદીમાં જોવા મળે છે. માત્ર આરોગ્ય તંત્ર અને ડોક્ટરો જ તમારું ચેક અપ કરીને તમને જણાવી શકે છે કે, આ વાયરસ તમારા શરીરમાં પ્રવેશી ચૂક્યો છે કે, નહીં. છતાં પણ જો આપના મનમાં કોઈ શંકા સંશય હોય તો આપના લોહી અને કફના નમૂનાને તમે તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી શકો છે.

રાજ્ય સરકાર દ્વારા સ્વાઇન ફ્લૂ ચેપથી ફેલાઇ નહીં તેટલા માટે તંત્રને સજ્જ કરાયું છે. રોગનો ચેપ ફેલાઇ નહીં તેની તકેદારી રાખવા માટે પગલા ભરવાની જિલ્લા કલેક્ટર અને આરોગ્ય વિભાગને સૂચના આપી છે. રોગથી બચવા કેટલીક સામાન્ય જાણકારી હોવી જરૂરી છે. જેનાથી પ્રાથમિક તબક્કે લક્ષણોનો ખ્યાલ આવી જાય. જેમ કે શરદી-ખાંસી હોય ગળામાં તકલીફ, માથુ દુઃખવું, તાવ આવતો હોય તો નજીકના તબીબ કે પાલિકાના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ. વધારે તાવ, ગળામાં દુઃખાવો થાય તો તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવી.

સ્વાઇનફ્લુથી બચવા માટે ડોક્ટરની સલાહ વગર જાતે દવા લેવાનું ટાળવું જોઇએ તેમજ ભીડભાડવાળી જગ્યાએ જવું જોઇએ નહી.આ ઉપરાંત વાંરવાર સાબુથી હાથ ધોવા, તંદુરસ્ત આરોગ્ય જાળવી રાખવું,પૂરતી ઊંઘ લેવી, કસરત કરવી, તણાવમુક્ત રહેવું, પુષ્કળ પાણી પીવું અને પોષણયુકત આહાર લેવા જણાવાયું છે. સ્વાઇનફ્લુ દર્દીના સંપર્કમાં આવેલ જગ્યા કે વસ્તુઓનો સંપર્ક ટાળવો અને શ્વાસની બીમારી વાળા દર્દીના સંપર્કમાં રહેવાનં ટાળવું જોઇએ

સ્વાઇન ફ્લુની સારવાર માટે દવા ઉપલબ્ધ છે. આ રોગ અટકાવવા માટે ખાંસી,છીંક ખાતી વખતે મોઢું અને નાક રૂમાલથી ઢાંકો અને શક્ય હોય તો તેનો યોગ્ય જગ્યાએ કચરાપેટીમાં નિકાલ કરો, ખાંસી અને છીંક ખાધા પછી તમારા હાથ સાબુ અને પાણીથી વારાવંરા ધોવો,તમારા નાક,આંખ અને મોઢાને વાંરવાર અડવાનું ટાળો જેથી જંતુ તમારા શરીરમાં જતા અટકી શકે

સ્વાઇ ફ્લુ અગમચેતીના ભાગ રૂપે પ્રીવેન્ટીવ ઉકાળો ઘરે બનાવી શકાય છે.જેમાં ૧૦ વ્યક્તિઓના ઉકાળા માટે હળદર અડધી ચમચી,અજમો અડધી ચમચી, તુલસી પાન ૧૧ નંગ,સૂંઠ અડધી ચમચી,મરી ૧૦ નંગ,ગોળ અડધી ચમચી,અરડુસી ૦૫ નંગ,પાણી ૦૧ લિટર બધુ મિશ્રણ કરી પાણી અડધાથી ઓછુ રહે ત્યાં સુધી ગરમ કરો અને આ મિશ્રણ ૦૧ નાના કપની માત્રામાં સવાર-સાંજ ૦૭ દિવસ પીવાની સલાહ આપવામાં આવી છે.

# રાધનપુર શ્રી બી.જે ગઢવી બી.એડ કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



રાધનપુર

શ્રી કરણી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.જે.ગઢવી બી.એડ કોલેજ અને વિનય વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ૭૧માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ.સિ.શિક્ષક અશોકભાઈના ધ્વજવંદન કરાયા બાદ કોલેજની પ્રશિક્ષણાર્થી વર્ષા ચૌધરીએ વંદે માતરમ યોગ ડાન્સ અને આશા ચૌધરી સાથે દેશભક્તિ ગીત રજૂ કર્યું.ત્યારબાદ વિનય વિદ્યાલયના શિક્ષક હરેશભાઈ બારોટ અને શાળાના વિદ્યાર્થી વિજયકુમારે દેશભક્તિ શોર્યગાથા દર્શાવતું ગીત રજૂ કર્યું.આ સંસ્થાના મંત્રી લિંબદાનભાઈ ગઢવીએ દેશની આઝાદીનું મુલ્ય અને મહત્વ અને દેશ પ્રત્યે દરેક નાગરિકનું કર્તવ્ય તથા પ્રો.શૈલેષભાઈ યોગીએ વીર જવાનોની શહીદી તથા એકતામાંજ અખંડિતતા વિશે વક્તાવ્ય આપ્યું.આ પ્રસંગે વિનય વિદ્યાલયના ગુરૂજનો તેમજ કોલેજના અધ્યાપકો તેમજ પ્રશિક્ષાણાર્થીઓ-વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી.

# સાબરકાંઠા જિલ્લા સસ્તા અનાજની દુકાનોના સંચાલકો આંદોલનના માર્ગે

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકોએ સરકારમાં પડતર માંગણીઓ અંગે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરવા છતાં પણ કોઈ હકારાત્મક પરિણામ ન મળતાં સપ્ટેમ્બર માસની પરમીટનો બહિષ્કાર કરીને વ્યાજબી ભાવની દુકાનના સંચાલકોએ આંદોલનના શ્રીગણેશ કર્યા છે ગત સોમવારે મામલતદાર-પુરવઠા અધિકારીને આવેદનપત્ર આપી એસોસીએશનના પ્રતિનિધિઓએ રજૂઆત કરી હતી.

આ બાબતની જાણવા મળતી વિગત અનુસાર ગુજરાતમાં ચાલતી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકો દ્વારા અનાજ-કેરોસીન તથા પુરવઠાને લગતી વસ્તુઓનું વિતરણકરે છે.વસ્તુઓની સપ્લાય તથા પોષણ ક્ષમતા તેમજ અન્ય પ્રશ્નો અંગે ગુજરાત રાજ્ય એફ.પી.એસ.એસો. દ્વારા સરકારમાં

અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી.ત્યારે સપ્ટેમ્બર માસની પરમીટનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરી આંદોલનનો પ્રારંભ કર્યો છે.જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લા વ્યાજબી ભાવની દુકાન એસો.ના પ્રમુખ વસંતભાઈ મોદીની આગેવાની હેઠળ ગત સોમવારે પુરવઠા અધિકારી કલ્પેશભાઈ પાટીદાર અને ઈન્ચાર્જ મામલતદાર રમેશભાઈ પટેલને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

# હિંમતનગરમાં ચાલકે કાબુ ગુમાવતાં કાર પલટી, પરિવારનો આબાદ બચાવ

હિંમતનગર

હિંમતનગરના સરવણાના સ્ટેશન પાસેના પુલ પર મંગળવારે અગિયારેક વાગ્યે હિંમતનગરથી શામળાજી તરફ જતી કારના ચાલકે રોડ પર પડેલા ખાડાના કારણે ગાડી પરનો કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી. તેમાં સવાર પતિ પત્ની અને એક નાના બાળકનો આબાદ બચાવ થયો હતો. નોંધનીય છે કે હિંમતનગરથી શામળાજી નેશનલ હાઈવે રોડ પર પડેલ ખાડાઓ ના કારણે દરરોજ આવા નાના મોટા અકસ્માતો થાય છે પરંતુ એન.એચ.એ.આઈ દ્વારા કોઈ પગલાં લેવાયા નથી.

# બનાસકાંઠાના ૭ તાલુકાના ૪૭૭ ગામોમાં જળ સંકટનો ખતરો

**નર્મદા કેનાલનું સમારકામ શરૂ થતા પાણી બંધ 'મીનરલ' ના નામે ગામલોકોની ઉઘાડી લૂંટ**

તા.પ્રતિનિધિ ભાભર

બનાસકાંઠા જિલ્લામાં ભારે પૂરના કારણે નર્મદા કેનાલોમાં મોટાપાયે ભંગાણ થયું છે. તેથી તંત્ર દ્વારા કેનાલોનુ સમારકામ હાથ ધરાયું છે. તેથી કેનાલોમાં પાણી બંધ થતા ૭ તાલુકાના ૪૭૭ ગામડાઓમાં જળ સંકટનો ખતરો મંડરાયો છે. પીવાના પાણીની અછતની તકનો ગેરલાભ ઉઠાવી કેટલાક લોકો મીનરલના નામે ઉઘાડી લુંટ ચલાવતા હોવાની પણ રાડ ઉઠવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં ગત માસે ભારે વરસાદ થવાથી પૂર આવ્યું હતું. જેના કારણે બનાસ નદી ગાંડીતુર બનતા જિલ્લામાં ભારે નુકશાન થવા પામ્યું હતું. અનેક લોકોએ જીવ ગુમાવ્યો હતો. પશુઓ મોતને ભેટ્યા હતા, ખેતીપાક નષ્ટ અને જમીન ધોવાઈ જતાં બનાસકાંઠાના અનેક ગામો તબાહ થઈ ગયા હતા. તેની સાથે સાથે જિલ્લાના લોકોની જીવાદોરી સમાન અહીંથી પસાર થતી નર્મદા નહેરની મુખ્ય શાખા રાજસ્થાનવાળી કેનાલ પણ બનાસ નદીની ઝપેટમાં આવી જતાં ઠેરઠેર તૂટી ગઈ છે, જેના કારણે બનાસકાંઠા જિલ્લાના ૭ તાલુકાના ૪૭૭ ગામો નર્મદા નહેર આધારિત પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરવામાં આવેલ હોવાથી છેલ્લા ૨૫ દિવસથી નર્મદાનું પાણી બંધ છે. જેમાં જિલ્લાના કાંકરેજ, દિયોદર, ભાભર, થરાદ, વાવ, સુઈગામ અને લાખણી તાલુકાના કુલ ૪૭૭ ગામોમાં પાણીની હાડમારી લોકો ભોગવી રહ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા ટેન્કરો મારફતે લોકોને પાણી પુરૂ પડાય છે. જ્યારે કેટલાક ગામોને તંત્ર દ્વારા ખારાશવાળુ પાણી વિતરણ કરવામાં આવતુ હોવાથી લોકોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. વધુમાં

અનુસંધાન પાના નં.૬

## ધાણા ગામે ઘાસની ભરેલી ટ્રકમાં આગ લગતા લોકોમાં અફરા તફરી



(એન.કે.મોદી)

(તા.પ્રતિ.) ધાનેરા

ધાણા ગામે ઘાસની ભરેલી ટ્રકમાં આગ લગતા લોકોમાં અફરા તફરી મચી ગઈ હતી તો બીજી તરફ ગામના સરપંચ સહીત તાત્કાલિક પાણી નું ટેન્કર લાવી આગ પર પાણી મારો કરતા આગ કાબુમાં આવી હતી.

લાખણી તાલુકાના ધાણા ગામે ઘાસ ની ગાંસડી ભરીને ટ્રક આવી રહી હતી તે સમય ધાણા ગામમાં પસાર થતી વીજ લઈને

અનુસંધાન પાના નં.૬

# ડીસાની નવા પ્રાથમિક શાળાના આચાર્યને સસ્પેન્ડ કરવાની માંગ સ્વીકારાતાં મામલો થાળે પડયો

**સાંજે શિક્ષણ વિભાગને ગ્રામજનો સાથે સમાધાન થતાં શાળા શરૂ કરવા નિર્ણય**






ભરત સુંદેશા, ચેતન શ્રીમાળી

(પ્રતિ.) ડીસા/આસેડા

બનાસકાંઠામાં એક શાળામાં વિધાર્થીનીને શાળાના આચાર્ય દ્વારા છેડતી કરતાની ઘટના બાદ ગ્રામજનો એ શાળાને તાળા બંધી કરી આચાર્યને ઝડપી સજા આપવાની માંગ કરી રહ્યા છે. જો કે, સાંજે જિલ્લા શિક્ષણ વિભાગના અધિકારીઓએ આચાર્યને સસ્પેન્ડ કરવા ખાત્રી આપતાં મામલો થાળે પડયો હતો અને શાળા શરૂ કરવા ગ્રામજનો સંમત થયા હતા.

બનાસકાંઠાના ડીસા તાલુકાના નવા ગામે સરકારી પ્રાથમિકમાં ૪૫૦ વિધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ શાળામાં ૧૭ શિક્ષકો અભ્યાસ કરવી રહ્યા છે અને શાળામાં આચાર્ય લક્ષ્મણભાઈ પરમાર તરીકે ફરજ બજાવે છે. જો કે સરસ્વતીના ધામમાં આચાર્ય દ્વારા એક ગામની ધો.૮ માં અભ્યાસ કરતી વિધાર્થીનીને ૧૫ ઓગષ્ટના રોજ રૂમમાં બોલાવી શારીરિક અડપલાં તેમજ તેની સાથે ભાગી જવાની વાત કરતા સગીર વિધાર્થીની ગભરાઈ ગઈ હતી જોકે વિધાર્થીનીને આચાર્ય દ્વારા ધમકી

અનુસંધાન પાના નં.૬

# યુવતીનું અપહરણ કરી સરપંચ પુત્ર સહિત ત્રણ યુવકોએ દુષ્કર્મ આચર્યુ

ડીસા

થરામાં સરપંચના પુત્ર સહિત ત્રણ યુવકોએ યુવતીનું કારમાં અપહરણ કર્યું હોવાની અને હોટલમાં લઈ જઈને સામૂહિક બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે યુવતીએ બળાત્કારની ફરિયાદ નોંધાવતા ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા છે.

આ અંગેની વિગતો એવી છે કે, ભાભર તાલુકાના ગામની યુવતીને થરાના ગણપતસિંહ રાજુસિંહ દરબાર, સઘુભા ચકુભા દરબાર અને વિક્રમસિંહ માધુભા દરબાર લલચાવી-ફોસલાવીને સફેદ કલરની કારમાં ભગાડી ગયા હતા.



તેઓ યુવતીને પતંગ હોટલમાં લઈ ગયા હતા અને અહીં જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્રણેયે સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

આ આરોપીએ મારી નાંખવાની ધમકી આપી અલગ અલગ જગ્યાએ બળાત્કાર ગુજાર્યો હતો. એટલું જ નહીં, ચાલુ કારે પણ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ

અનુસંધાન પાના નં.૬

# થરાદના પાવડાસણમાં ભેખડ ઘસી પડતાં આધેડ ખેડૂતનું મોત

(પ્રતિ.) થરાદ



(વિષ્ણુ દવે)

થરાદ પોલીસસુત્રોએ જણાવ્યું હતુંકે તાલુકાના પાવડાસણ ગામના ૪૫ વર્ષીય ખેડુત પ્રભુજી છોગાજી માળી શુક્રવારની સવારના આઠેક વાગ્યાના સુમારે પોતાના ખેતરમાં વરસાદના વ્હોળામાં પડેલો ખાડો પુરવાની કામગીરી કરી રહ્યા હતા. આ વખતે તેમના પર અચાનક ભેખડ ધસી પડતાં તેઓ માટીમાં દબાઈ જવા પામ્યા હતા.આ બનાવ તેમની પત્ની ગોમતીબેન જોઈ જતાં તેમણે બુમો પાડતાં દોડી આવેલા આજુબાજુના ખેડુતોએ તેમને બહાર કાઢ્યા હતા.અને ૧૦૮ની મદદથી વધુ સારવાર અર્થે ધાનેરા લઈ જતાં રસ્તામાં જ તેમનું મોત નિપજ્યું હતું. આથી તેમના મૃતદેહને થરાદની રેફરલ હોસ્પીટલમાં લવાયો હતો.જ્યાં મૃતકના ભત્રીજા રમેશભાઈ દેવાજી માળીની જાહેરાતના આધારે પોલીસે અકસ્માત મોત રજીસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

# થરાદમાં પુરગ્રસ્તોને ન્યાય નહી મળે તો આંદોલન છેડવાની કોંગ્રેસની ચિમકી

**તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખની સ્વાઇનફલુને કાબુમાં લેવા મુખ્યમંત્રીને પત્ર દ્વારા માંગ**

(પ્રતિ.) થરાદ

થરાદ પંથકમાં આવેલા પુરમાં તંત્રની ભેદભાવભરી અને વ્હાલાદવલાની નીતીના કારણે ઉઠેલા વ્યાપક અસંતોષ અને અન્યાયની લાગણી તથા પંથકમાં ડોકીયું કરેલા સ્વાઇનફલુને નિયંત્રણમાં લેવા તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખે મુખ્યમંત્રીને પત્ર લખીને રજુઆત કરી છે.જેમાં પ્રજાજનોની માંગણીઓ નહી સંતોષાયતો નાયબ કલેક્ટર કચેરી ખાતે ઉપવાસ આંદોલન છેડવાની ચિમકી આપી છે.

થરાદ તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઈ સોલંકીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લખેલા પત્રમાં જણાવ્યું હતુંકે ભારે વરસાદ તથા પૂરના કારણે ઘણા ગામો હજુ પાંચ થી દસફૂટ સુધી પાણીના કારણે હજારો એકર જમીન પાણીમાં ગરકાવ છે. આવા પાણીની અંદર હજારોની સંખ્યામાં પશુઓ મૃત્યુ પામ્યા છે. તંત્ર દ્વારા આ પાણીનો નિકાલ થઈ શક્યો નથી. આથી પાણીજન્ય બિમારીઓ થવાની લોકોને પુરેપુરી શક્યતાઓ છે.

વળી ઘણા લોકોને સ્વાઇન ફલુના રીપોર્ટ પોઝીટીવ પણ આવ્યા છે, અધૂરામાં પૂરું નર્મદા નહેર પણ છેલ્લા કેટલાક દિવસોથી બંધ હોઈ

અનુસંધાન પાના નં.૬

## રાધનપુરમાં રેફરલ હોસ્પિટલના પ્રવેશદ્વારમાં ઢીંચણ સમા પાણી



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં ચાર કરોડના ખર્ચે અત્યાધુનિક ત્રણ માળની રેફરલ હોસ્પિટલ લોકોને આરોગ્યની સુવિધા મળી રહે એ માટે બનાવવામાં આવી છે. પરંતુ આ

અનુસંધાન પાના નં.૬

# મેરવાડા પાસે રિક્ષા અને કાર વચ્ચે અકસ્માત : ૬ ઘાયલ



(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર તાલુકાના મેરવાડા ગામ પાસે રીક્ષા અને સ્વિફ્ટ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૬ લોકોને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

વડગામ તાલુકાના છનિયાણા ગામના ઓડ પરિવારને મેરવાડા પાસે અકસ્માત નડ્યો હતો. રિક્ષા અને સ્વિફ્ટ કાર વચ્ચે થયેલા અકસ્માતમાં ૬ લોકો ઘાયલ થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

**ઇજાગ્રસ્તોના નામ**

અર્જુનભાઈ રમેશભાઈ ઓડ, શામળ અંબાલાલ ઓડ, ભરત રાજુભાઈ ઓડ, કૌશલ્યા ભરતભાઈ ઓડ, સુશિલા રાજુભાઈ ઓડ, નીતા રમેશભાઈ ઓડ તમામ રહે. છનીયાણા

# ખીમાણાના મોતીપુરાના પાટીયે ઘાસચારો ભરેલ ટ્રક આગમાં સપડાઈ

**ડ્રાઈવર અને કંડક્ટરનો આબાદ બચાવ**



વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણાના મોતીપુરાના પાટીયા નજીક રોડ ઉપર ઘાસચારાની ગાંસડીઓ ભરીને જતી ટ્રકમાં આગ ભભૂકી ઉઠતાં સમગ્ર ટ્રક આગની લપેટમાં આવતા અફડા- તફડી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ મોતીપુરાના પાટીયા પાસે થ્રીફીઝ લાઈન જતી હોઈ વાયરને અડી જતાં શોર્ટ સર્કીટના કારણે ઘાસચારો ભરેલી ટ્રક જીજે ૧૫ ૫ ૮૨૮૬ નંબરની ટ્રકમાં આગ ભભૂકી ઉઠી હતી. જેમાં ભરેલ ઘાસચારાની ગાંસડીઓ તેમજ સમગ્ર ટ્રક આગની લપેટમાં આવી ગઈ હતી. જો કે સદનસીબે ડ્રાયવર તેમજ કંડક્ટરનો આબાદ બચાવ થયેલ. આ બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા એકઠા થયા હતા.

# ડીસા શહેર સીસીટીવી કેમેરાથી સજ્જ : ગુન્હાખોરી અટકશે



(ભરત સુંદેશા)

ડીસા

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરને સ્વચ્છ સુંદર અને ક્રાઈમ ફ્રી શહેર બનાવવા માટેની દિશામાં નગર પાલિકાએ વધુ એક પહેલ કરી છે અને ડીસા શહેરને સમગ્ર એશિયા માં સૌથી વધુ હાઈટેક સી સી ટી વી કેમેરા થી સજ્જ કરાયું છે.

બનાસકાંઠાના ડીસા શહેરમાં જો તમે જાહેરમાં કોઈ ગુન્હો કરવાની ભૂલ પણ કરતા હોવ તો ચેતી જજો. કારણ કે આ શહેરના ખૂણે ખૂણા પર બાજ નજર રાખવા માટે એશિયાના સોથી વધુ હાઈટેક કેમેરા લગાવવામાં આવ્યા છે. આમ તો ડીસા શહેર એ જિલ્લાનું ક્રાઈમ હબ માનવામાં આવે છે અહીં દિન દહાડે લૂંટ, ચોરી જેવા ગુન્હાઓને અંજામ આપતા બુટલેગરો પોલીસને પણ ચેલેન્જ આપતા હોય છે ત્યારે ડીસા નગરપાલિકાએ શહેર ને ક્રાઈમ ફ્રી શહેરની સાથે સાથે સ્વચ્છ અને સુંદર બનાવવા માટેની દિશામાં પહેલ કરી છે. ડીસાના મુખ્યમાર્ગો પર ૨૯ જેટલી જગ્યાઓ પર સમગ્ર એશિયામાં સૌથી વધુ હાઈટેક એવા પેનોરોમિક કેમેરાથી સુસજ્જ ગોઠવી દેવાયા છે.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરના હરિપુરામાં પોલીસ બંદોબસ્ત વચ્ચે તાળું તોડી આચાર્યને ચાર્જ અપાયો

પાલનપુર

પાલનપુરમાં શિક્ષણ જગત માટે શરમજનક ઘટનામાં ઈન્ચાર્જ મહિલા આચાર્ય ની અવળ ચંડાઈ નો કિસ્સો સામે આવ્યો છે. આજે શિક્ષણ વિભાગે પોલીસને સાથે રાખી ઈન્ચાર્જ આચાર્યના રૂમનું તાળું તોડી નવનિયુક્ત આચાર્યને ચાર્જ આપવાની ફરજ પડી હતી.

પાલનપુરના હરિપુરા વિસ્તારની શાળાના વિવાદિત ઈન્ચાર્જ મહિલા આચાર્ય સામે ૧૦ દિવસ અગાઉ હરિપુરા વિસ્તારના લોકો એ આચાર્ય સામે મોરચો માંડ્યો હતો. આચાર્ય દ્વારા બાળકોની પજવણીને લઈ લોકોએ જિલ્લા શિક્ષણ વિભાગમા ફરિયાદ કરી હતી. જોકે, લોકોની ફરિયાદને પગલે શિક્ષણાધિકારી દ્વારા જે-તે સમયે આચાર્યની બદલી કરાઈ હતી. પરંતુ ઈન્ચાર્જ મહિલા આચાર્ય શાળાના આચાર્ય રૂમને તાળું મારી અને જતા રહ્યા હતા.

દરમિયાન, નવનિયુક્ત આચાર્યને ચાર્જ ન સોંપવાને મુદ્દે આજે જિલ્લા શિક્ષણાધિકારી દિપક દરજીએ પોલીસ પ્રોટેક્સન માંગી આચાર્ય રૂમ નું તાળું તોડ્યું હતું. અને નવનિયુક્ત આચાર્યને ચાર્જ સોંપ્યો હતો. જોકે, આચાર્ય રૂમ માં રહેલા રેકર્ડની પણ તપાસ હાથ ધરાઈ હતી. હરિપુરાની વિવાદિત ઈન્ચાર્જ મહિલા આચાર્ય દ્વારા બાળકોની પજવણીને લઈ શિક્ષણ વિભાગે પોલીસ મદદ લેવાની જરૂર પડી છે. ત્યારે અનેક વિવાદો મા સપડાયેલી આ મહિલા આચાર્ય સામે પોલીસ ફરિયાદ થવાના પણ એંધાણ વર્તાઈ રહ્યા છે.

# ગણપત યુનિ. દ્વારા દ્વારા એક નવા હાઈટેક એન્જિ. કોર્સનો પ્રારંભ

**કોમ્પ્યુટરિંગ, એન્ટરટેઈન્મેન્ટ, ઓનલાઈન શોપિંગ જેવા ક્ષેત્રોમાં નોકરીની ઉજળી તકો !**

ગણપત વિદ્યાનગર

આજના સમયમાં અત્યંત આધુનિક તરીકે જેની ગણના થાય છે. તેવા મ્રીશ્ઝર-ૈંઝ્ ની ગુજરાતમાં ઘણી ઓછી સીટ સુલભ છે. ગણપત યુનિવર્સિટી એમાં પ્રથમ હરોળની એક હાઈટેક શૈક્ષણિક સંસ્થા છે. જેણે આ વર્ષથી આ નવા જ હાઈટેક એન્જિ. કોર્સનો પ્રારંભ કર્યો છે.

આઈસીટીએ કૉમ્પ્યુ., આઈટી અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનો શ્રેષ્ઠ સમન્વય સાધતો એક એન્જિ. કોર્સ છે. સોફ્ટવેર, હાર્ડવેર, સર્વિસ તથા કોમ્પ્યુનિકેશનનો સમાવેશ ધરાવતો આ કોર્સ વિદ્યાર્થીને ભવિષ્યની જરૂરિયાત મુજબ 'ઈન્ડસ્ટ્રી- રેડી' બનાવવા માટે સક્ષમ છે. ડિઝિટલ ઈન્ડિયા, મેઈક ઈન ઈન્ડિયા અને સ્માર્ટ સિટી જેવા નવા કન્સેપ્ટ સાથે દેશ આજે વૈશ્વિક કક્ષાએ હરણફાળ ભરી રહેલી ટેકનોલોજી સાથે કદમથી કદમ મેળવવા સજ્જ બની રહ્યો છે ત્યારે ભવિષ્યમાં આઈસીટી એન્જિનિયર્સ માટે ભારે ઊંચી માંગ ઉભી થશે એવું ટેકનોલોજીના નિષ્ણાંતોનું માનવું છે. કૉમ્પ્યુટર ઉદ્યોગ ક્ષેત્રે દુનિયાભરમાં પ્રતિષ્ઠા પામેલી એક સંસ્થા ''ઈન્ટરનેશનલ ડેલ્ફિ સ્ટડી'' (જર્મની) દ્વારા ૨૦૩૦ સુધીના સમયગાળાના વિકાસનો એક અભ્યાસુ અંદાજ આપવામાં આવ્યો છે, જે મુજબ આઈસીટી એક એવું ક્ષેત્ર બની રહેશે જે બજારમાં એક સક્ષમ એવી અગ્રિમતા હાંસલ કરશે, અને ટેકનોલોજીના વિકાસમાં એનું પ્રભુત્વ ઉભું થશે.

ગુજરાતમાં હાઈટેક એજ્યુકેશન ક્ષેત્રે પ્રથમ પંક્તિમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન ધરાવતી અને અનેક એવોર્ડ્ઝ દ્વારા પુરસ્કૃત ગણપત યુનિવર્સિટીના અંગભૂત એવા ''ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર ટેકનોલોજી'' માં આ વર્ષથી શરૂ થતા આ મ્રીશ્ઝર-ૈંઝ્ કોર્સ માટે દેશની નામાંકિત સંસ્થાઓૅ,દ્વૈ અને ૈજીઝ માંથી ઊંચી ટેકનોલોજીકલ પદવી ધરાવતા વિદ્વાન અને અનુભવી પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ આપવામાં આવશે.

અનુસંધાન પાના નં.૬


## બેસણું



સ્વ.ઘુડાભાઈ બિજોલભાઈ પટેલ
સ્વ.તા.૧૭/૮/૨૦૧૭

અમારે પૂજય પિતાશ્રી ઘુડાભાઈ બિજોલભાઈ પટેલનું તા.૧૭/૮/૧૭ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્ગતનું બેસણું તા.૨૦/૮/૧૭ ને રવિવારના રોજ રાખેલ છે.

ઠે.મુ.પો.રવિયાણા, ફાર્મ હાઉસ, તા.કાંકરેજ, જિ.બ.કાં., મો.૯૪૨૬૩ ૦૪૦૬૫

લિ.

પટેલ દાંનાભાઈ ઘુડાભાઈ - પુત્ર
પટેલ દેવરાજભાઈ ઘુડાભાઈ - પુત્ર
પટેલ નાથાભાઈ બિજોલભાઈ - ભાઈ
પટેલ પેથાભાઈ બિજોલભાઈ - ભાઈ
પટેલ ડુંગરભાઈ નારણભાઈ - ભાઈ
પટેલ ડાયાભાઈ નાથાભાઈ
પટેલ ભારમલભાઈ નાથાભાઈ
પટેલ ઈશ્વરભાઈ પેથાભાઈ
(અંબિકા જીન, રૈયા)
પટેલ ભગવાનભાઈ પેથાભાઈ
પટેલ જયંતિભાઈ ડુંગરભાઈ
પટેલ ભરતભાઈ ડુંગરભાઈ



## ચૌદમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.માળી ગીગાજી સવાજી
સ્વ.તા.૧૮-૦૮-૨૦૦૩

મહેંકતુ જીવન વ્યતિત કરી સ્નેહની સૌરભ મુકી જનારા આપ આજે પણ અમારી વચ્ચે જ છો, ધૂપસળીની એ મહેંકમાં આપે સ્નેહથી સીચેલા બાગની સૌરભમાં જીવંત છો.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

સ્વ.માળી ગોરધનજી ગીગાજી
(માજી ધારાસભ્ય)
માળી મફતલાલ ગીગાજી
માળી બાબુલાલ ગીગાજી
માળી પરષોત્તમદાસ ગીગાજી
માળી નવીનકુમાર ગોરધનજી
માળી પ્રવિણકુમાર ગોરધનજી
(પ્રમુખ, ડીસા નગરપાલિકા)



## બેસણું



સ્વ.મેઘરાજભાઈ કરસનભાઈ પટેલ
સ્વ.તા.૧૮-૦૮-૨૦૧૭

અમારે સ્વ. સુપુત્ર શ્રી મેઘરાજભાઈ કરસનભાઈનું ગતરોજ તા. ૧૮/૮/૨૦૧૭ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ. ભગવાન તેમના આત્માને શાંતિ આપે તેજ પ્રાર્થના સદ્ગતનું બેસણું (બપોરે) તા. ૨૧/૮/૨૦૧૭ ને સોમવારના રોજ રાખેલ છે.

સ્થળ : રતનગઢ બસસ્ટેન્ડની બાજુમાં, ફોર્મ હાઉસ ઉપર રાખેલ છે.

લિ.

પટેલ કરસનભાઈ કુવરાભાઈ (પિતા)
પટેલ રમેશભાઈ કરસનભાઈ (ભાઈ)
પટેલ દિનેશભાઈ કરસનભાઈ (ભાઈ) ડીકે જ્વેલર્સ, દિયોદર
પટેલ અણદાભાઈ સેમાભાઈ (દાદા)
પટેલ કરસનભાઈ શીવાભાઈ (કાકા)
પટેલ નાનજીભાઈ શીવાભાઈ (કાકા)
પટેલ માનસુંગભાઈ ભેમાભાઈ (કાકા)
પટેલ વજાભાઈ સગરામભાઈ (ભાઈ)
પટેલ લાલજીભાઈ સગરામભાઈ (ભાઈ)
પટેલ જીવરાજભાઈ સગરામભાઈ (ભાઈ)
પટેલ ઈશ્વરભાઈ અણદાભાઈ (ભાઈ)
ઉપાધ્યક્ષ બક્ષી મોરચો બનાસકાંઠા ભાજપ
પટેલ રમેશભાઈ નાગજીભાઈ (ભાઈ)
મુ.પો વસ્તાસર (રતનગઢ) તા. કાંકરેજ, બનાસકાંઠા